R.N.I. No. 14593/1957

# પગદંડી
PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

Vol,63 - Issue No.12 - MARCH - 2021 - Rs. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com

# કોરોનાનું કમઠાણ

છેલ્લા ૧૨ મહિનાથી સમગ્ર વિશ્વને ઘમરોળતું કોરોના શું સાચે માનવજાત પર ખતરારૂપ છે. ? શું એનું અસ્તિત્વ માનવજાતને નાબૂદ કરવા સક્ષમ છે ?

શું એની વિકરાળતા મનુશ્યજાતિનાં અસ્તિત્વ પર પ્રશ્નાર્થ રૂપ છે ?

આ બધાનો જવાબ મનથી વિચારશું તો ના છે. પણ જેણે પોતાનાં પ્રિયજન ને ગુમાવ્યા છે, વ્હાલસોહાનું વિરહ અનુભવ્યું છે, વડિલોનું વ્હાલય ગુમાવ્યું છે. એ બધી વ્યક્તિઓ દ્વારા એનો જવાબ હા હશે.

માનવીની સજાગતા જે કોરોનાનાં સંક્રમણને સામે સલામતીનાં પગલાં ખપ પુરતા જ છે. કોરોનાનો એક માત્ર ઈલાજ તકેદારી અને તકેદારી જ છે. કુદરત પોતાનું કાર્ય નીંવાવદપણે કરી રહી છે. પૃથ્વી પર જીવ માત્રનું સમતોલપણું જાળવવા એને ક્રુર બનવું પડે છે. જેના જવાબ કોરોના છે. કૌટુંબીક ભાવનાઓ પર, પડોશી ધર્મ સમાજ હોવાનો અહેસાસ, પુરતી તબીબી વ્યવસ્થાઓ મનુષ્ય જાતીમાં ઉદ્દ્ભવેલી ફિલોશોપી જેનો એક માત્ર પર્યાય કોરોના છે.

સમાજીક સમારંભો, લગ્નપ્રસંગો, વિવધ જાતનાં ગેટ ટુ ગેધર, પાર્ટીઓ. શું આપણાં માટે અનિવાર્ય છે. કુદરત સામે બાંયો ચડાવી યુદ્ધ નોતરવાનો ગજુ આપણા પામર જીવો માટે છે ? જો આપણો જવાબ ના હોય તો પોતાના અને પ્રીયકરોનાં અસ્તિત્વની જવાબદારી કોની ?

આપણે જરા પણ સુધારયા વગર યુદ્ધ પર નીકળી પડયાં છે. ''કોઈપણ આપણી એક પણ ક્ષણ વધારી કે ઘટાડી શકતું નથી.'' એ ધ્રુવ વાકયને આત્મસાત કરી આપણે આત્મહત્યા કરવા તુલ્યા છીએ. જો આ બધાથી આ તકેદારી લેવી હોય તો કોરોનાથી બચવા કોરોનાં કરતાં પણ વધુ વિકરાળ, વધુ ક્રુર બનવું જ પડશે, અને દરેક દરેક સાવચેતી લઈ એનાં પર વિજય મેળવવો જ પડશે.

લિ. મનીષ ગાલા
વડાલા

# તા. ૧ એપ્રિલ ૨૦૧૯ થી તા. ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીની કારોબારી સમિતિ

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| પ્રમુખ | ડૉ. મંજુલા વેલજી શાહ | શેરડી |
| પૂર્વ પ્રમુખ | મનીષ દામજી ગાલા | વડાલા |
| ઉપ પ્રમુખ | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન | કોડાય |
| ખજાનચી | હેમલ હીરજી પાસડ | કોટડા રોહા |
| માનદ્મંત્રી | હિતેંદ્ર ટોકરશી વીરા | મેરાઉ |
| માનદ્મંત્રી | બિમલ લાલજી વોરા | નવીનાર |
| માનદ્મંત્રી | જીતેન નેમચંદ દેઢિયા | બાડા |
| ADV બોર્ડ ચેરમેન | બિપિન અમરચંદ ગાલા | રાયણ |
| કારોબારી સભ્ય | વી. કે. વોરા | નારાણપુર |
| કારોબારી સભ્ય | રમેશચંદ્ર કેશવજી સાવલા | બાડા |
| કારોબારી સભ્ય | પ્રવિણચંદ્ર ઠાકરશી દેઢિયા | ગઢશીશા |
| કારોબારી સભ્ય | ડૉ. મુકેશ લખમશી વોરા | પ્રાગપુર |
| કારોબારી સભ્ય | ભવાનજી મણશી ગડા | ગુંદાલા |
| કારોબારી સભ્ય | ડૉ. પ્રફુલ દામજી ગડા | રાયધણજર |
| કારોબારી સભ્ય | શૈલેષ લક્ષ્મીચંદ મોતા | બિદડા |
| કારોબારી સભ્ય | મહેક મિલન મોતા | બિદડા |
| કારોબારી સભ્ય | દિનેશ જીરરાજ ગોગરી | બિદડા |
| કો. કારોબારી સભ્ય | રેખા નવીન ગડા | ભોજાય |
| કો. કારોબારી સભ્ય | સૂર્યકાન્ત દામજી કક્કા/શાહ | બેરાજા |
| કો. કારોબારી સભ્ય | સાગર મહેન્દ્ર હરીયા | દેવપુર |
| કો. કારોબારી સભ્ય | CA સુનિલ વલ્લભજી દેઢિયા | નાની ખાખર |
| વરિષ્ઠ સમિતિ | શ્રી વિશનજી હરશી ગાલા | ડુમરા |
| વરિષ્ઠ સમિતિ | CA અશ્વિન પોપટલાલ માલદે | ભુજપુર |
| વરિષ્ઠ સમિતિ | CA શાંતિલાલ કુંવરજી રાંભિયા | સમાઘોઘા |
| વરિષ્ઠ સમિતિ | શ્રી લક્ષ્મીચંદ કાકુભાઈ જૈન | ગુંદાલા |
| વરિષ્ઠ સમિતિ | ડો. રમેશ રતનશી દેઢિયા | નાની ખાખર |
| પગદંડી તંત્રી | CA અશ્વિન પોપટલાલ માલદે | ભુજપુર |
| પગદંડી તંત્રી | CA શાંતિલાલ કુંવરજી રાંભિયા | સમાઘોઘા |
| પગદંડી તંત્રી | CA ચંદ્રકાંત શીવજી નંદુ | બાડા |

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) March 2021 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



# પગદંડી

માર્ચ - ૨૦૨૧


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી કોરોના અને સમાજ | | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | ડૉ. મંજુલા વી. શાહ | ૯ |
| પગદંડીને પત્ર | વાચકોના પત્ર | ૧૧ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | વાચકોના પત્ર | ૧૭ |
| વાર્ષિક લવાજમ | ડૉ. મંજુલા વી. શાહ | ૧૯ |
| પગદંડીના તંત્રીઓની નામાવલી | ડૉ. મંજુલા વી. શાહ | ૨૦ |
| પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી શિલ્ડ વિજેતા | ડૉ. મંજુલા વી. શાહ | ૨૨ |
| કચ્છના ઈતિહાસના પાનેથી | વસંત શાહ | ૨૩ |
| વાત છે મારી-તારી-આપણી | શાંતિલાલ ગઢિયા | ૧૬ |
| મનગતનો લોકડાઉન | મોનાલી ધનજી ગાલા (શાહ) | ૨૬ |
| માંડવીની સર્જક પ્રતિભા : નાનાલાલ વસા | ભતરકુમાર પ્રા. ઠાકર | ૨૮ |
| ઉર્મિલલહર | સંપાદન : વિશન નાગડા | ૩૦ |
| 'નવનીત કપ' કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૯-૨૦ - અહેવાલ | | ૩૩ |
| સાંત્વન | | ૪૦ |



પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
**ગાલા કેટરર્સ** નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં
થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
## ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઈપણ સ્થળે
હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી
રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી,
વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એક્ઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



colors-spot.com

**Gala Caterers**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન : ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

# કોરોના અને સમાજ

કોરાના કે કોવીડ -૧૯

આ સદીની સૌથી વિષમ બિમારી, જે ચેપી છે અને સંસર્ગથી ફેલાય છે.

શરૂઆત ડીસેમ્બર ૧૯માં ચીનના વ્યુહાન શહેર થી થઈ. પછી પાશ્ચાત્ય દેશોમાં અને જાન્યુઆરી ૨૦ના ભારતમાં પ્રથમ કેસ નોંધાયો. માર્ચ મહિનામાં વિવિધ રાજ્યોએ નાના - મોટાં પ્રતિબંધો કોરોના ને ફેલાતો અટકાવવા નાખ્યા અને.

૨૪મી માર્ચના સંપૂર્ણ રાષ્ટ્રમાં લોકડાઉન જાહેર કરાયો. ફક્ત ત્રણ કલાકની નોટીસમાં સમગ્ર વિશ્વમાં કઠોરતમ અને લાંબા ગાળાનો.

૨૪ માર્ચના કોરોનાના સમગ્ર દેશમાં અંદાજીત ૫૦૦ જેટલાં દર્દીઓ હતાં. આજે ૧ કરોડથી વધારે કેસો નોંધાઈ ગયા છે. આજે સમગ્ર વિશ્વમાં કોરોનાનો આંકડો ૧૦ કરોડને પાર કરી ચુક્યો છે.

કોરોના થી બચવા ઘણાં પ્રયત્નો કરાયા. થાળીઓ વગાડવામાં આવી, દીવા પ્રગટાવવામાં આવ્યા. ઠેકઠેકાણે હોમ હવન કરાયા. આ Pandemic ના પ્રકોપથી બચવા દેશની જનતાએ દરેક જાતના પ્રયત્નો કર્યા.

કડુ કરિયાતા, કાઢાઓ, ઉકાળાઓ, ગરમ પાણી, બાફ, આદુ વગરેના પરંપરાગત પ્રયત્નો ની સાથે સાથે રોગ પ્રતિકારક શક્તિ વધારવા દવાઓ લેવાઈ. Social Distancing અને Mask આપણી જીવનશૈલીના ભાગ બની ગયા છે.

સર્વે રોજગાર-ધંધા મોટા સમયગાળા માટે બંધ થઈ ગયા. ઈકોનોમી ને એક મોટો ધક્કો લાગ્યો. મોટાઓ તો સક્ષમ હતાં. પરંતુ નાના અને મધ્યમ વર્ગના વ્યાપારીઓ, ઉત્પાદકો, Self-employed કારીગરોની આવક બંધ થઈ ગઈ. ઘણાંની નોકરીઓ છૂટી ગઈ અથવા પગાર

મળવાનું બંધ થયું. મજુરો માટે કામ ન રહ્યું અને બહારગામથી આવેલ આ મજુરોની હિજરત ચાલુ થઈ. આવાગમનના સાધનો બંધ હોતા સેંકડો અને ક્યારેક હજારો માઈલ પગપાળા મુસાફરીઓ પોતાના વતન પહોંચવા માટે કરી. જુન ૨૦૨૦ થી લોકડાઉન હળવું થવાની શરૂઆત થઈ અને આજે મહ્દ અંશે છૂટછાટ મળતી થઈ છે. પરંતુ ડર કાયમ છે.

આપણા સમાજ પર આવીએ....

આપણા સમાજનો એક મોટો વર્ગ દુકાનદારી, નાના ઉદ્યોગો અને નોકરી પર અવલંબિત છે. એમના માટે આ સમયગાળો કુઠારાઘાત સમાન હતો. નોકરીયાતો અને નાના દુકાનદારોની હાલત સૌથી વધારે કફોડી થઈ. અને કદાચ હજુ પણં છે. કોઈકને પગાર ન મળ્યો. મળ્યો તો પૂરા ન મળ્યાં - નોકરીઓ છુટવાનો દોર ચાલુ થયો અને એ લોકડાઉન ખુલ્યા પછી પણ ચાલુ રહ્યો.

આર્થિક રીતે નબળો વર્ગ તો તકલીફમાં આવી જ ગયો પરંતુ મધ્યમ વર્ગ અને કદાચ ઉચ્ચ મધ્યમવર્ગ પણ આર્થિક સંકડામણમાં આવી ગયો. અને એમને મદદરૂપ થવા આપણી સામાજીક સંસ્થાઓએ હરહમેંશની જેમ પ્રયત્નો ચાલુ કર્યા.

આ પ્રયત્નોમાં સૌ પ્રથમ નામ આવે શ્રી. ક.વિ.ઓ જૈન મહાજન સાયન અને એમના અંતર્ગત ચંદ્રકાંતભાઈ ગોગરી અને રાજેન્દ્ર ગોગરી પ્રેરીત ધનવલ્લભ ચેરીટેબલ ટ્રસ્ટનું અને આ યજ્ઞમાં લગભગ ગામેગામના મહાજનનો પણ સહકાર મળ્યો. આ યોજના અંતર્ગત આપણા સમાજના ૫૪૦૦થી વધુ પરિવારોને હર મહિને રૂા. ૫૦૦૦ ની આર્થિક સહાય અપાઈ અને દિવાળીના પર્વ નિમિત્તે રૂા. ૧૦૦૦૦ આ પરિવારોને બીજા સખીદાતાઓના સહકાર અપાયા. મે મહિનાથી શરૂ થયેલ આ સહાયનો પ્રવાહ નવેમ્બર મહિના સુધી ચાલુ રહ્યો. મુરબ્બીશ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની પ્રેરણાથી ચાલુ થયેલ આ પ્રદાન માટે એ સાથે સંકળાયેલ સર્વેને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસીઓ મહાજને પણ જરૂરીયાત મંદો માટે વગર વ્યાજની લોનના યોજના જાહેર કરી અને અંદાજીત કરોડ રૂપિયાનું ભંડોળ એના માટે ફાળવ્યું. સ્વમાનભેર રહેવા ઈચ્છતા પરિવારો માટે આ યોજના પણ રાહત રૂપ રહી.

શ્રી. ક.વિ.ઓ. સેવા સમાજે પણ સંજીવની સ્વાસ્થ્ય યોજના મારફત સમાજને સથવારો આપ્યો. આ કપરા કાળમાં સંજીવનીમાં જોડાયેલ દરેક સદસ્ય મુસાફરીની શક્યતા વગરના આ સમયગાળામાં મેડિકલ ઈન્સ્યુરન્સથી વંચિત ન રહી જાય એ માટે એક જેહાદ ઉપાડી અને પ્રિમીયમ

સ્વીકારવાની યંત્રણા ઊભી કરી તદ્ઉપરાંત આ યોજનામાં જોડાયેલ સર્વેને આ કપરા કાળમાં કોઈ પણ સવાલ કર્યા વિના ૨૦ ટકા જેટલી સબસીડી આપી જેની રકમ રૂા.૩.૫૦ કરોડ જેટલી થવા જાય છે.એટલેથી ન અટકતા સ્વમાનપૂર્વક પ્રીમિયમ ભરનાર માટે લોનની સગવડ શરૂ કરી અને ક્યાંક પ્રીમિયમ ન ભરવામાં અસમર્થ પરિવારોનું પૂરું પ્રીમિયમ પણ ભર્યું.

આવું બધું કદાચ આપણાં સમાજમાં જ સંભવે છે.

કોરોનાની બિમારીની વાત કરીએ તો સ્વાભાવિક રીતે આપણો સમાજ પર વંચિત રહી શકે નહીં. એ માટે પણ સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા માર્ગદર્શન અને સહાયક કેન્દ્રો શરૂ કરાયા. શું સારવાર લેવી, ક્યાં સારવાર લેવી. સરકારી યોજાઓનો કેવી રીતે લાભ લેવો એનાથી માહિતગાર કર્યા. દહિંસરની નવનીત હાઈટેક સંપૂર્ણપણે કોવિડ માટે સર્મપિત કરાઈ. અનેક વ્યક્તિ વિશેષો એ પોત પોતાની રીતે યોગદાન આપ્યું પરંતુ એક નામ જે શિરમોર રહ્યું છે. એ છે શ્રી વસંત ગલિયાનું જેમના દ્વારા ૨૦૦૦થી વધુ વ્યક્તિઓને અંધેરી સ્થિત સેવન હીલ્સ હૉસ્પીટલમાં લગભગ મફત સારવાર મળી અને સારવારની સાથે પુરેપુરું માર્ગદર્શન અને સહકાર. સેવન હીલ્સ હૉસ્પીટલમાં PPE Kits અન્ય સામગ્રી માટે નવનીત ફાઉન્ડેશન અને ધનવલ્લભ ટ્રસ્ટ તરફથી સહકાર મળ્યો.

કોરોનીથી અવસનાનું પ્રમાણ આપણી જ્ઞાતિ માટે કદાચ ચોકાવનારું હતું. બૃહદ મુંબઈમાં આપણી વસતી અંદાજીત ૧ ટકો જ્યારે મુંબઈના ૧૦૦ મરણની સામે આપણા સમાજના દરરોજ ૩ થી ૫. કદાચ સરકારી આંકાડાઓ વિવાદાસ્પદ પણ હોય. પરંતુ એક વધુ ધ્યાન ખેંચનારી બાબત હતી આપણાં સમાજમાં છેલ્લા આ કોરોના કાળમાં અવસાન પામનારની સંખ્યા ૪૫-૬૫ વર્ષના વય જુથમાં એ ખૂબ જ મોટી રહી એવું દેખાઈ રહ્યું છે. કારણ ઘણાં હોઈ શકે. જન્મ અને મરણ આપણાં હાથમાં નથી પરંતુ કારણોનું વિશ્લેષણ કરવું જરૂર છે. અગંત રીતે અકસ્માત સિવાયનું જ અવસાન એમાં પણ ઓચિંતા હાર્ટફેલ ની સંખ્યા મહદઅંશે આપણને કોઈને કોઈ એંધાણ આપે છે. કોઈક અસામાન્ય symptoms દર્શાવે છે. જરૂરત છે એ symptomsની નોંધ લેવાની પારખવાની અને એના પર યોગ્ય કાર્યવાહી કરવાની.

જરૂરત છે આપણે આપણી તાસીર ઓળખવાની સામાન્ય તો ઠીક પણ અસામાન્ય બાબતો પર સર્તક રહેવાની એના પર અગમચેતી વર્તવાની. મેડીકલની વિવિધ બાબતોની જાણકારો રાખવાની અને ક્યાં symptoms શેના હોઈ શકે અને શું તકલીફના એંધાણ હોઈ શકે એની જાણકારી રાખવાની જરૂરત છે વિલંબ કર્યા વિના યોગ્ય માર્ગદર્શન લેવાની. પોતાના ડોકટર પોતે જ બનવાની.

દરેક બાબતમાં દેશી ઉપચારો પર વધુ પડતો મદાર ન રાખવાની માનસિકતા કેળવવાની જરૂર છે. આર્યુવેદિક, હોમિયોપેથી, નેચરોપેથી, વિ. વૈકલ્પીક સારવાર પધ્ધતિઓ પર કેટલું અવલંબન કરવું એ મર્યાદા બાંધવાની જરૂરત છે.

જરૂરત છે સમતોલ આહાર લેવાનો, શાકાહારી ખોરાકમાં આમ પણ પ્રોટીન જેવા તત્વોની ઉણપ હોય છે. અને એમાં પણ જૈન આહાર કંદમૂળ વગરનો, આપણને ઘણા બધા ખનિજ તત્વોથી દૂર રાખે છે. નિયમિત કસરત ઉંમર પ્રમાણે જરૂરી છે. સવારની કસરત ક્યારેક ઘણા એંધાણ આપી શકે એવી શક્યતા છે. યોગ એ કસરત નથી તેમજ બધી બિમારીઓનો ઈલાજ નથી એ ધ્યાનમાં રાખવાની જરૂર છે. માનસિક તાણ નિવારવા મિત્ર વર્તુળ જરૂરી છે. અને મનને આનંદ આપે એવા સંગીત, વાંચન, પ્રવાસ ઇત્યાદિ શોખ કેળવવા જરૂરી છે.

અને છેલ્લે હમણાં મરણ ખબરોમાં 'નોન કોવીડ' અવસાન કારણોમાં જોવા મળે છે. જેનો કોઈ તર્ક મગજમાં ઉતરતો નથી. શું કોવીડ કોઢ જેવી બિમારી છે ? શું કોવીડ વારસામાં જાય એવી બિમારી છે ? તો પછી આવો ખુલાસાનો તર્ક શું ? જાણકારો સમજાવે એવી અપેક્ષા.

- અશ્વિન માલદે


# મુલચંદ લાલજી એન્ડ કાું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**ALL TYPES IMPORTED COATED, UNCOATED & METALIZED PAPERS**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# પ્રમુખશ્રીની કલમે

ડૉ. મંજુલા વી. શાહ

ઘંટનાદ, થાળી, ઝાલર વગેરેના સુર ફેલાયા, નવું પ્રભાત ખીલ્યું અને ખૂલ્યું આપણે વધાવીએ કે ન વધાવીએ પણ નવું વર્ષ આવી ગયું છે. કાળ દેવતાને સદા અને સર્વદા વધાવવાના જ હોય. કરોના કાળ તને સમજવો કેમ ?

શુભ કે અશુભ, સુખદાયી કે દુઃખદાયી, આપણે એને વધાવવો જ પડે. કારણ, કાળને કોઈ ભેદ નથી, આપણે પણ એ ભેદ ભુસીને અને સમજદારી દાખવીએ. સમજ જ સાચું સુખ છે એ સમજ નવા વર્ષે આપણને સૌને પ્રાપ્ત થાઓ.

શ્રી કચ્છી વિશા ઓશવાળ સેવા સમાજનું મુખપત્ર ''પગદંડી'' ૭૩ વર્ષના સમયગાળા દરમ્યાન અવિરત પ્રકાશિત થતું રહે એ એત સીમાચિન્હ બની રહે છે. ''પગદંડી'' ઐતિહાસિક સફળતા તરફ વણથંભી આગેકૂચ કરી રહ્યું છે એ એક જ્ઞાતિના સામયિક માટે ગૌરવની વાત છે.

આ ઉપલબ્ધિમું મહત્વ એટલા માટે અમૂલ્ય છે કે ફક્ત અને ફક્ત માનદ્ મંત્રી એમના (પોતાના વ્યવસાયમાં વ્યસ્ત હોવા છતાં) નિષ્ઠાવાન પ્રયત્નો થકી આ બધું શક્ય બન્યું છે. ૧૯૯૭માં ''પગદંડી''નો ૫૦૦નો અંક પ્રકાશિત કરવમાં આવેલ. સેવા સમાજની પ્રવૃત્તિ તરીકે ''પગદંડી''ના ઘણા વિશેષાંકો બહાર પાડવામાં આવેલ છે, અને એટલે જ ''પગદંડી''ને એક વ્યવસાયિક માસિક તરીકે નહીં પરંતું સંસ્થાની પ્રવૃત્તિના હિસ્સા તરીકે પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે. તેથી જ ''પગદંડી''ના મૂલ્ય (કિમંત) સમાજના પ્રત્યેક કુટુંબને પરવડે તેવું રાખવામાં આવેલ છે. ૧૯૪૭ થી ૧૯૫૧ સુધી ૨૦ પાનાનાો અંક નિઃશુલ્ક પહોચાડવામાં આવતો અને ૧૯૫૭ થી ૧૯૫૮ ની સાલમાં રૂા. ૧ એને રૂા. ૨ના વાર્ષિક લવાજમથી એ પ્રકાશિત થયું

**- નિર્ભિક અને નિષ્ઠાવાન તંત્રીઓની યશોગાથાઃ-**

(૧) સમગ્ર ભારતમાં ફેલાયેલા સમાજની એકતા અને અખંડીતતા જાળવવાના આશયથી ૭૩ વર્ષના લાંબા ગાળા દરમ્યાન ગણા બધા કુદરતી કે સામાજીક વવાઝોડા કે વિવિધ પ્રકારની સામાજીક ઘટનાઓથી વિચલીત થયા વિના મૂળભૂત આશયથી પ્રકટ કરવામાં સફળ રહ્યા છે.

(૨) આ લાંબા ગાળા દરમ્યાન અલગ-અલગ વિચારસરણી ધરાવતા સેવાસમાજના હોદેદારોની સાથે વૈચારિક એકસૂત્રતા જાળવી રાખીને, કે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ટીકાકાર રૂપે કે માર્ગદર્શક રૂપે મહત્વની ભૂમિકા ભજવીને આ મુખપત્ર વડીલો દ્વારા પ્રસ્થાપિત પ્રણાલિકાઓ અને સિદ્ધાંતોને સામજમાં જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

(૩) સમયની સાથે-સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે કયા ક્યા પરિબળો આવર્કાય છે અને ક્યા પરિબળો સમાજને નુકશાન કરે છે, તેનો સ્પષ્ટ ખ્યાલ આપીને આ મુખપત્રે સમાજ માટે એક મહત્ત્વના માર્ગદર્શકની ભૂમિકા હરહંમેશ ભજવી છે.

(૪) આ મુખપત્રનું પ્રકાશન સમાજના સામાન્ય જનને કેન્દ્ર સ્થાનમાં રાખીને જ થતું રહ્યું છે. સમાજના છેવાડાનો સામાન્ય સભ્ય એટલે કે કચ્છમાંના નાના ગામડાનો સભ્ય કે પશ્ચિમ, મધ્ય કે પૂર્વ ભરાતનો સામાન્ય જન સમાજના વર્તમાન પ્રવાહ સાથે જોડાયેલે રહે તેવા સમાચારો કે લેખો પ્રસિદ્ધ કરવાનો આશય આ મુખપત્રનો રહ્યો છે. એટલે જ આટલા લાંબાગાળા બાદ પણ આ પગદંડીની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધતી જ રહી છે.

(૫) કોઈ પણ સામાજીક મુખપત્રની સૌથી અગત્યની ફરજ છે સામાજીક ક્રાંતિના વાહક બનવું. સામાજીક ક્રાંતિ એ એત ચોક્કસ દિશામાં કે ધ્યેય તરફની નિયમિત પ્રક્રિયા છે. નિર્ભિક તંત્રી લેખો દ્વારા ધાર્મિક માન્યાતાઓ, આડંબર અને દંભ સામે ટકોર કરી છે અને ત્યારે તંત્રીઓકોઈની શેહમાં આવ્યા વગર આ ઉમદા કાર્ય કરી રહ્યા છે.

(૬) ગૃહઉદ્યોગ કરતી બહેનો જેઓ લવાજમ ન ભરી શકે અને ઉપરની બધી પ્રવૃત્તિઓથી માહિતગાર રહે તે માટે ભૂતકાળમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ એ બધી બહેનોના લવાજમ ભરેલ છે. આવા દાતાઓ ત્થા જાહેર ખબર દ્વારા ''પગદંડી''ના આવક-જાવકના ખાતા સરભર કેમ થાય ? વર્ષાનુંવર્ષ ખોટ થતી રહે છે કાગળના ભાવ, છપાઈના ભાવ વગેરે વધતા જ રહે છે. છતાં ''પગદંડી''એક વ્યવાસહિક માસિક તરીક નહીં પરંતુ સંસ્થાની પ્રવૃત્તિના એક હિસ્સા તરીકે પ્રકાશિત કરીએ છીએ અને ભવિષ્યમાં પણ કરીશું.

(૮) ફેરફાર અથવા બદલાવ : બદલાવ બે પ્રકારના (૧) આંતરિક (૨) બાહ્ય ''પગદંડી'' માટે આત્મ મુલ્યાંકનનો સમય આવી ગયો છે. વાચકો આપ શું બદલવા ઈચ્છો છો ? અમને આપ ચોક્કસ સૂચનો આપી શકો છો.

**વાચકો** - તમે એટલા માટે નથી લખતા,કશુક કહેવું છે પરંતુ શબ્દો દ્વારા વ્યકત કરી શકતા નથી તો એનો ઉપાય - રાઈટિંગ - રિરાઈટિંગ - રિરાઈટિંગ, લખો - ફરી લખો - ફરી લખો. આ કાર્યવાહી દરમિયાન એક ફકરો અને એક પ્રકરણ ઘડાય છે, લખાણની ગુણવત્તા સુધારવાની એ ઉત્તમ ચાવી છે. આ મારો જાત અનુભવ છે. એક વસ્તુ વારે વારે લખ્યા કરવાની બૌદ્ધિક સ્તરે મજુરી લાગે પરંતુ આ જ સર્જન ક્રિયા છે. આ જ વાત તમામ કળા ત્થા કળાકારને લાગુ પડે છે. તમે લખો છો એટલા માટે  કે તમારી પાસે સમાજલક્ષી કંઈક કહેવા જેવું છે. આપના સંતાનો પણ કંઈક કહેવા માગે છે ઈચ્છે છે પરંતુ ભાષા ? અમારા તંત્રીઓએ પહેલા વાત કહેલી કે જેમને લખવું હોય સમાજલક્ષી કો એ લેખકોનો વાક્ય રચના અને જોડણી સુધારવાના નમ્ર પ્રયાસ કરશે.

આજના યુવાન વર્ગમાં ગુજરાતી ભાષાનો અભાવ છે તેથી યુવાનો અથવા કોઈ અંગ્રજીમાં સમાજલક્ષી લેખો લખશે તો પણ છાપીશું. આજના યુવાનો ખૂબ સર્જનાત્મક વિચારો ધરાવે છે. તેમને ઉત્સાહ છે સમાજમાં કશુક પરિવર્તન લાવવાનું - ધાર્મિક, સામાજીક, કે રૂઢિચુસ્ત વિચારોમાં આપ વડિલો જે એમને લખવા માટે પ્રોત્સાહિત કરશો તો એમના વિચારો બીજા ઘણા નવયુવાનો સુધી પહોંચાડી શકીશુ. એનાથી બીજા યુવકો એમાં જોડાય અને નવા વિચારોવાળા યુવાનોનું એક સંગઠન બની શકે. આજનો યુવાન નવાયુગનો પરિવર્તનશીલ જવાબદારીવાળો ઉત્તમ નાગરિક બની શકે.

**- ડો. મંજુલા વેલજી શાહ**
૯૩૭૨૮૮૧૨૮૦

તા.ક. - સમાજનો યુવા વર્ગ સામાજિક કે અન્ય વિકાસલક્ષી વિચારો શબ્દો દ્વારા રજુ કરે એ માટે એક નિબંધ સ્પર્ધા યોજવાનું તંત્રીઓની વિચારણા હેઠળ છે. વડીલો, આપના સંતાનોને સર્જનાત્મક વિચારો રજૂ કરવા પ્રોત્સાહિત કરો. એવી નમ્ર અરજ. યુવા પેઢી, આપના વિચારો અંગ્રજી ભાષામાં પણ વ્યકત કરી શકો એવી યંત્રણા વિચારણા હેઠળ છે.

Youngsters , What changes you would like to have in sociaty - which field?

***Everything that is excellent will come when this sleeping soul is aroused to self conscious activity.***

***Learn everything that is good from others, but bring it in, and in your own way adsorb it, do not become others.***

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

### એક મનનીય પત્ર

એક જૈન બહેને તેમના સંબંધીને પત્ર લખ્યો છે. પત્રમાં આધ્યાત્મિક ચિંતન છે. બહેને પત્રની ફોટોકૉપી મને પણ મોકલી છે. તેનો સંકલિત અંશ અત્રે રજૂ કરું છું. (પત્ર તા. ૧૦-૧-૨૦૨૧)

''લગ્ન પહેલાં ધર્મની રુચિ શૂન્ય હતી. લગ્ન પછી પૂ. કુસુમભાઈ સ્વામીના સાંનિધ્યના કારણી ભીતર નવાં દ્વાર ખુલ્યાં, આ સ્થિતિ સ્વયંમાં મૂલ્યવાન રહી, તેમનું દીક્ષિત જીવન અલૌકિક હતું. બધા જ નિયમોનું પાલન કરતાં. શરૂઆતમાં દીક્ષાના ભાવ થયા પછી પંદર વર્ષ સુધી સંસારમાં રહી સંપૂર્ણ દ્રઢતા થઈ. પછી તેમણે દીક્ષા લીધી. જેવું તેમનું નામ હતું, તેવી જ તેમના શરીરની અને મનની કોમળતા હતી. છતાં સાધ્વીજીના કડક નિયમ તેમણે આનંદપૂર્વક પાળ્યા. વરિષ્ઠ સાધ્વીજી પ્રત્યે આદરભાવ તથા નાના સાધ્વીજી પ્રત્યે વાત્સલ્ય, આ તેમું વ્યક્તિત્વ હતું.''

''નાની ઉંમરમાં પૂ. કુસુમબાઈને કેન્સર થયું, સર્જરી કરાવવી પડે તેમ હતું. નિયત દિવસે સર્જરી ત્રણથી ચાર કલાક ચાલી. લગભગ સાંજે ૬ વાગ્યે ભાન આવ્યું. થોડું પાણી પીધું અને તુરંત પ્રતિક્રમણની તૈયારી કરી. જાણે કંઈ થયું જ નથી ! 'દુખાવો થાય છે' એવી ફરિયાદ સુધ્ધાં નહિ. પૂ. સ્વામીએ ફરી પોતાની સાધનાનો ક્રમ ચાલુ કરી દીધો. બે વર્ષ પછી ફરી રોગે ઊથલો માર્યો. એ સ્થિતિ લગભગ એક વર્ષ રહી. તે દરમિયાન બધા જ નિયમ હસતાં હસતાં પાળતાં. રોગ વધતો ગયો. છેલ્લા દિવસોમાં ભયંકર પીડામાંથી પસાર થતાં. આખા શરીરે નાના મોટા ગૂમડાં થયાં. રાત્રે સૂઈ ના શકે. છતાંય ચહેરા પર સ્મિત હોય, ઘણીવાર તો ગૂમડાંમાંથી કેટલાંક ફૂટે અને પૂ. સ્વામીની પછેડીનો ઉપરનો ભાગ લોહીવાળો થઈ જાય. તરત પોતે જ બદલી નાખે અને સ્વાધ્યાયમાં બેસી જાય. નાના સ્વામી ડ્રેસિંગ કરતાં રડી પડતાં.''

''પૂ. સ્વામી કાળધર્મ પામ્યાં તેના થોડી દિવસ પહેલાં ગ્રીષ્મની અસહ્ય ગરમી હતી. પંખો તો ઉપાશ્રયમાં હોય નહિ - હોય તો પણ તેમને ખપે નહિ, નાના સ્વામીએ કહ્યું, 'હું છાપાથી પવન નાખું'. સ્વામીને શરીરમાં ભયંકર વેદના હોવા છતાં એમણે કહ્યું, 'તમે છાપું હલાવો ત્યારે હવામાં કેટલા સૂક્ષ્મ જીવો મૃત્યુ પામે ! મને કોઈ જ તકલીફ નથી.' બસ ત્રણ દિવસ પછી સંથારાપૂર્વક તેમણે દેહત્યાગ કર્યો. આ રીતે 'આત્મા અને શરીર જુદા છે', તે ફક્ત વાણીથી નહિ, આચરણથી બતાવીને ગયાં.''

'છેલ્લું વર્ષ અમદાવાદમાં સ્થાયી હતા ત્યારે દર રવિવારે અમે વ્યાખ્યાનમાં જતાં. ત્યારે પણ તેઓ

આત્માનું વિવરણ કરતાં, પણ મને સમજાતું નહોતું. આત્મ-અનાત્મ વિચારમાં શ્રદ્ધા બેસતી નહોતી. તેથી તેનો મહિમા ક્યાંથી પકડાય ? જો કે એક લાભ થયો. ધર્મનો પરિચય થયો અને તેનાં બીજ રોપાઈ ગયાં.

ધન્ય છે પૂ.સ્વામીના જીવનને.... તેમણે આત્મા સાધ્યો હતો.

**શાંતિલાલ ગઢિયા** - વડોદરા
સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫

✻✻✻✻✻

## સિધ્ધિદાયક મહાલક્ષ્મી યંત્ર પૂજન
## થોડુંક ગંભીર ચિંતન

ક.વિ.ઓ. જૈન ખબરપત્રિકામાં રવિવાર, તા. ૨૦.૧૨.૨૦૨૦ ગૌતમનિધિ ટ્રસ્ટ તરફથી સમગ્ર સમાજને યંત્ર પૂજનમાં જોડાવવાની આકર્ષક અપીલ છે. ગુજરાતી ભાષાના બધા જ શ્રેષ્ઠ વિશેષણોનો ઉપયોગ કરીને લખાયેલ આખા પાનાની જાહેરાત છે. યંત્ર પૂજનની આરાધના કરવાથી થતા અગણિત લાભ બતાવ્યા છે.

યંત્રોની કિંમત આ પ્રમાણે છે.
સિધ્ધચક્ર યંત્ર - રૂા. ૩૫૦/-
મહાલક્ષ્મી યંત્ર - રૂા. ૯૦૦/-
સર્વ કામની સિધ્ધિદાયક યંત્ર રૂા. ૧૯૦૦/-

ગૌતમ નિધિ ટ્રસ્ટના લતાવાર પ્રિતિનિધને જરૂરી રકમ મોકલવાથી યંત્ર આપવામાં આવશે અને એ યંત્ર પર પોત પોતાને ઘેર પૂજન કરવાનું આયોજન છે.

એક વર્ગ કે જેમના ''કાર્યોમાં વિઘ્ન, અંતરાય આવવાથી કાર્ય થતા ન હોય'' એ લોકો યંત્ર પૂજનમાં જરૂર જોડાય એવી અપીલ છે.

આજના વૈજ્ઞાનિક સમયમાં યંત્ર પર કોઈ પણ મંત્રનું વારંવાર રટણ કરવાથી, જાપ કરવાથી, ભૌત્તિક લાભ થાય, કહેવાતું અંતરાય દૂર થાય, ઈચ્છાપૂર્તિ થાય એવી માન્યતા ભરોસા પાત્ર નથી. સમય શક્તિ અને સાધનોનો વ્યય છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં, જૈન ધર્મની સ્થાપના વખતે, મનુષ્ય પાસે પ્રકૃતિનું ખાસ જ્ઞાન ન હતું. મોટી આફતો જેવી કે દૂકાળ, અતિવૃષ્ટિ, દાવાનળ, પ્લેગ કે કોઈ મહામારી વગેરેના કારણોની માહિતી ન હતી. તે સમયે સામાન્ય પ્રજા આવી આફતોના કારણો અને ઉપાયો જાણવા, માર્ગદર્શન મેળવવા ધાર્મિક ગુરૂઓ પાસે જતા હશે. ધાર્મિક ગુરૂઓ પણ એના કારણો, ઉપાયો વગેરેથી અજાણ હોવાથી, પ્રજાને સામાન્ય આશ્વાસન આપી શકાય એ માટે મંત્રજાપના ક્રિયાકાંડની શોધ કરી હશે. ક્રિયાકાંડ કરવાથી કુદરતી આફતો દૂર થશે. એવી સલાહ પ્રજાને આપતા હશે. એ સલાહને ''પરંપરા'' નામના હથિયાર તરીકે ઉપયોગ કરીને આજે પણ એકવીસમી સદમાં ધાર્મિક ગુરૂઓ યંત્ર પૂજન, અન્ય પ્રકારના પૂજનો વગેરેથી થતા ભૌતિક લાભ બતાવીને પ્રજાને હાંક્યા કરે છે.

આજના ઈન્ટરનેટ અને ગુગલના જમાનામાં ગૌતમનિધિ ટ્રસ્ટ મંત્રજાપ ચમત્કારી ફાયદાનો પ્રચાર કરે, બહોળો સમાજ અને ઓછે વતે અંશે સ્વીકારી લે એવી ભ્રામક દૂનિયા ચાલ્યા કરે છે. આપણા પ્રગતિશિલ સમાજે એને કેટલે અંશે સ્વીકારવી ?

**- દામજી સાવલા,**
મુલુંડ (પ)

**આપણે ઘણી વખત ખબરપ ત્રિકામાં અને વર્તમાન પત્રોમાં લગ્નની જાહેરાત વાંચીએ છીએ.**

વિધુર, ઉ. વર્ષ ૫૬, સુખી , સંપન્ન, મહિને છ આંકડાની આવક પોતાનો વિશાળ બ્લોક, ઘરની ગાડી, સુંદર સુશીલ, વિધવા, ત્યક્તા, કુંવારી, છૂટાછોડાવાળી નિઃસંતાન કન્યા સંપર્ક કરો... મોબાઈલ....

આવી જાહેરાત આપણે ઘણીવાર વાંચીએ છીએ બીજી વાર કે ત્રીજી વાર પરણવા માંગતા મહાનુભવો આવી જાહેરાત આપે છે. પ્રથમ દ્રષ્ટિએ આ જાહેરાત માં કાંઈપણ વાંધાજનક લાગતું નથી. પણ ધ્યાનથી વાંચશો તો એક શબ્દ ''નિઃસંતાન'', ઘણી બહેનોના મન અને હૃદય પર કુઠારા ઘાત કરનારો છે. સુંદર કન્યા જોઈએ છે. શું ફક્ત કામભોગ માટે ? સુશીલ કન્યા જોઈએ છે. શું ફક્ત તમારી હા માં હા કરવા અને ઘરના કામો કરવા ?

પણ એ બિચારી, કમનસીબ વિધવા કે ત્યકતા કે છૂટાછેડાવાડીનો બાળક નથી જોઈતો.

તો આ બાળક નું શું કરવું ?

૧) અનાથ આશ્રમમાં મૂકી આવવું ?
૨) કોઈ કચરા પેટીમાં નાંખી દેવું ?
૩) બિચારા વૃધ્ધ અશક્ત નાના-નાની ના ગળામાં ભરાવવું ?
૪) કે કોઈ ઊંડા કૂવામાં ધકેલી દેવું ?
૫) એ બાળક અને એની 'મા'ને વિખુટા પાડવા.

આવી જાહેરાત આપનાર ખાનદાની કુટુંબના નબીરા છે. પણ એમને પૂછવાનું મન થાય. હે દેવાનુપિય દર વર્ષે તું ઘણું દાન કરે છે. સારી વાત છે, કરવું જોઈએ. ગાયોના નિરણ-ઘાસચારા માટે તું માતબર રકમ લખાવે છે કારણકે ગાયમાં જીવ છે અને તું જીવદયા પ્રેમી છે. કુતરાને બપોરે રોટલા અને સાંજે ખીચડી માટે તું સારી એવી રકમ દાનમાં આપે છે. કારણ કૂતરામાં જીવ છે ને તારામાં દયા છે. વૃધ્ધાશ્રમ અને વડીલ વંદનામાં પણ બોર્ડ પર તારું નામ છે. ધન્યવાદ બહુ સરસ, પણ આ જીવદયા આ લગ્નની જાહેરાતમાં કેમ વરાળ થઈને હવામાં ઊડી ગઈ ? વહાલા ભાઈ એ વિધવાના નાના, માસુમ ફૂલ જેવા કોમળ બાળકમાં જીવ નથી ? એના પ્રત્યે તને દયા, કરુણા, સદ્ભાવના, પ્રેમ કેમ નથી ?

તારા ઘરમાં પાળેલા ટોમી, રોકી (ડાંગી) તારા ખોળામાં બેસે એ તને પાલવે છે તારું મોઢું એ કૂતરાઓ ચાટે તો રાજીનો રેડ થઈ જાય છે. તો આ બિચારું નાનું બાળક તારા ગાલે પ્રેમથી ચૂમી લે એ તને કેમ મુંજુર નથી ? શું જીવદયા ફકત પશુ-પક્ષી અને જીવ જંતુ માટે જ હોય ? જીવદયાના માપદંડોમાં (અને કામોમાં પણ) આ કમનસીબ બાળકનું સ્થાન કેમ નહીં.

''નિઃસંતાન જોઈએ''આ એક જ શબ્દના કારણે કેટલી બહેનોના અરમાનો પર પાણી ફરી વળતું હશે ? આપણી કેટલી બહેનો લાચાર, પરવશ જીવન જીવવા મજબૂર હશે ? આ એક જ શબ્દ કેટલી બહેનો ને સારા ઘર..... સારા વર..... સારા આશરાથી વંચીત રાખતો હશે ?

હે દેવાનું પ્રિય જે દિવસે તારી મોંઘીદાટ કારની બારીમાં ટોમી કે ટાઈગર બારી પાસે બેસી બહારનો નજીરો ટગર ટગર જોતો હોય એને બદલે કોઈ વિધવાનું બાળક એ બારીમાં બેસી બહારનું દ્રશ્ય

જોઈ બે નાના હાથથી તાળી વગાડી ખિલખિલાટ હસશે ત્યારે તે દિવસ કવિ શ્રી કરસનદાસ લુહાર ને લખવું નહિં પડે કે

*એક દિન આંસુ ભીનાં રે,*
*હરિ ના લોચનિયા મેં દીઠા.*

એક કે બે બાળકવાળી વિધવા, છૂટા છેડા ત્યક્તા બહેનો ને આ સમસ્યામાંથી પસાર થવું પડયું હોય તો ''પગદંડી''માં જરૂર લખે કારણકે આ એક સામાજીક સમસ્યા છે. વિચારવિમર્શથી કદાચ કોઈ હલ સાંપડે.

**- વિસનજી જાદવજી ધરોડ**
પત્રી, કચ્છ, મલાડ- ઈસ્ટ
૯૩૨૦૮૪૮૮૪૫

---

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૧

**પગદંડી**

અંક : ૧૨ માર્ચ - ૨૦૨૧

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળઃ શ્રી ક.વિ.ઓ. દે. નવી મહાજનવાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :ksevasamj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડોલર ડ્રાફટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજને નામે લખવા.**

## કચ્છમાં ડીસેલીનેશન પ્લાન્ટ

કોવિડ-૧૯ ના કારણે પ્રકાશન બંધ હતું હવે પગદંડીનું પ્રકાશન ફરી શરૂ થયું છે તે બદલ સેવા સણાજ અને તંત્રીગણને અભિનંદન

કચ્છમાં દરિયાના ખારા પાણીને પીવાલાયક મીઠું બનાવવા ડીસેલીનેશન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન માનનીય પ્રધાનમંત્રી શ્રી મોદીજીએ કર્યું એ જાણી ખૂબ આનંદ થયો. ગયા દસકામાં મારા પિતાશ્રી લાહીરી શાહ (એમનું ત્રણ વર્ષ પહેલા અવસાન થયું) અને સેવા નિવૃત કર્નલ શ્રી જાડેજાએ ગુજરાત સરકાર સાથે ઘણી માથા કૂટ કરી હતી. શ્રી મોદીજી ત્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા એટલે આશા હતી પણ કંઈ નક્કર પરિણામ આવ્યું નહીં.

પછી સરદાર સરોવર બન્યું અને નર્મદાના પાણી કચ્છમાં જલ્દી પહોંચે એ માટે જ કારવાઈ થઈ. સફળતા પણ મળી. પણ મુખ્ય વાત એ છે કે ઉપરવાસમાં સારો વરસાદ થાય. ડેમમાં પુરતું પાણી આવે તો જ નહેરોમાં પાણી કચ્છ સુધી પહોંચે એટલે એ મહદ્અંશે વરસાદ પર નિર્ભર છે એટલે ડીસેલીનેશન વધારે સચોટ વિકલ્પ છે. કદાચ આર્થિક રીતે મોંઘું પણ હોઈ શકે એ ટેકનીકલ સૌર ઊર્જા કે પવન ઊર્જાનો સાથ લઈ ખર્ચ ઓછો થઈ શકે જોઈએ ક્યારે હકીકતમાં આવે છે ભારત સરકારને સમયસર પહેલ કરવા અભિનંદન.

જીતેન્દ્ર શાહ - હૈદરાબાદ
૯૪૯૦૪૨૩૩૪૭
E-mail : tinkuprinter@gmail.com

## કોરાના - ઈશારો

કુદરતને પણ માઝા મૂકવી પડી, કે એટલી હદે આ કાળા માથાનો માનવી અન્યાય અને બેફામ રીતે પૂર પાટે દોડી રહ્યો હતો. આખું વિશ્વ ન જાણે કઈ દિશામાં આંધળી દોટ દોડી રહ્યું હતું. કોઈના કહેવાથી થોડી ને આ દોઢ ડાહ્યો માણસ થંભવાનો હતો. એટલે કુદરતને ''કોરોના'' NO ઈલાજ જવા વાયરસથી વિશ્વને બ્રેક મારવી પડી. આજે પૂરો વિશ્વ થંભી ગયો છે. આ ઈશારો આપણને ઘણું ઘણું સૂચવી રહ્યો છે! હે માનવ હવે જાગૃત થા.. અને પાછો ફર.... આપણાઈ સંસ્કૃતિ, વડીલોના જેવો શાંતીમય સાદું સાચું સંતોષ પૂર્વકનો જીવન જીવતા થઈ જા. ભૂતકાળમાં ડૂબકી મારી સ્વાવલંબી જીવન જીવતા થઈ જા. હે માનવ જો વર્તાય અનમે રોજીંદી જીવન શૈલીમાં સુદારો લાવીશ તો જરૂર આ લોકડાઉન ના દિવસોમાંથી ખજાનો પ્રાપ્ત કરી શકીશ માટે જાગૃત થા અને એક સુંદર નિર્ણય સમૃધ્ધ શાંતીમય જીવન બનાવી દેશે.

**- દીના વિરેશ સંગોઈ**
ગામ કપાયા
મો. ૯૮૧૯૭૧૫૧૭૦

---

## પગદંડી (માસીક)
### ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે પગદંડી પત્ર અંગેની માહિતી
### ફોર્મ નં ૪ (જુઓ રૂલ્સ નં ૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું સથ્ળ | : | શ્રી કચ્છી વિસા ઓસવાળ સેવા સમાજ<br>૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. |
| ૨. પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. મુદ્રક અને પ્રકાશકનું નામ | : | અશ્વિન પી. માલદે |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૧૦, સુમતિ, એમ. જી. રોડ, મુલું (વે), નિંબઈ -૪૦૦૮૦. |
| ૪. તંત્રીનું નામ | : | અશ્વિન પી. માલદે |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | ૧૦, સુમતિ, એમ. જી. રોડ, મુલું (વે), નિંબઈ -૪૦૦૮૦. |
| ૫. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણનાં નામ તથા સરનામાં | : | શ્રી કચ્છી વિસા ઓસવાળ સેવા સમાજ<br>૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,<br>મુંબઈ - ૪૦૦ ૦૦૯. |

હું અશ્વિન પી. માલદે આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) **અશ્વિન પી. માલદે**

મુંબઈ

પ્રકાશક : પગદંડી

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

તા. ૫-૪-૨૦૨૦ના રોજ મુંબઈ થી ભારતીબહેન મહેતા (ઉ.૮૩)નો ફોન આવ્યો કે આપની વાર્તા 'સપૂત' (પગદંડી - માર્ચ'૨૦) વાંચી. વચેટ દીકરા પરેશની ત્યાગ ભાવનાનું સુંદર આલેખન કર્યું છે. પછી ભારતીબહેને સાંપ્રત સમાજ કઈ દિશા તરફ છે. તેનો વ્યથાપૂર્વક ઊભરો ઠાલવ્યો. ધનસંપત્તિની લાલસાએ માઝા મૂકી છે. જરૂરિયાત કરતાં પણ વધુને વધુ ક્યાંથી, કેટલું ઊસેટવું તેનો જ માણસ વિચાર કરે છે, વગેરે.....

યોગાનુયોગ આ જ દિવસે રાતે ૯ વાગે વડાપ્રધાનના કહેવા પ્રમાણે દેશની જનતાએ ઘરની બાલ્કની પર કે દરવાજે દીવા કે મીણબત્તીની રોશની પ્રગટાવવાની હતી. ભારતીબહેને કહ્યું, 'હમણાં બે કલાક પછી આપણને સૌને આ દૃશ્ય જોવા મળશે. આ સંદભમાં એનં એક કવિતા લખી છે, એ આપને સંભળાવું', એમણે થથરતા અવાજે કવિતા લલકાર, એક પંક્તિ હતી - 'મારા વીરાને ના વીસરજો રે', નરેન્દ્ર મોદી માટે એમણે 'વીરો' શબ્દ(ભાઈ) પ્રયોજ્યો હતો. મને ઘણા આનંદ થયો. 'પગદંડી' મને કેવા કેવા પ્રેમાળ લોકોના પરિચય કરાવે છે !

**- શાંતિલાલ ગઢિયા**
વડોદરા, ૦૨૬૫-૨૭૫૦૨૭૫

---

પગદંડીના માર્ચ ૨૦૨૦ પછીના અંકો નહીં મળવાથી જુના તે પહેલાંના સાચવેલા પાંચ અંકોનું રીવીઝન કરવાની ઈચ્છા થવાથી અભ્યાસકાળ યાદ આવ્યો. સાથે સાથે પ્રતિભાવ લખવાની ભાવના જાગૃત થઈ.

માર્ચ ૨૦૨૦ના તંત્રી લેખમાં સત્કાર સમારંભોમાં સુધારણા - સમયની માંગ વિષેના વિચારો ખૂબ સરસ અને સમાજે અપનાવવા યોગ્ય છે. મારા પૌત્રના લગ્ન થોડા મહિના પછી આવશે. કોશિષ કરીશું.

એપ્રિલ ૨૦૧૭ સાહિત્ય અમૃત વિભાગમાં તંત્રીશ્રી ચંદ્રકાંતભાઈ નંદુએ કરેલું સંકલન માસ્તરની છાંયડાનો અનુવાદ પેજ ૪૯ થી ૫૫ ઉપરનાં પાત્રો કૃષ્ણા, નારાયણ ગંગારામ, આજીના સંવાદ લાગણી ભર્યા છે.

સાહિત્ય અમૃત વિભાગ નવેમ્બર ૨૦૧૯ દેવોની ઘાટી લેખક ભોળાભાઈ પટેલે (અમારા ઉ. ગુજરાતના) કન્યકુમારી પેજ ૩૭ થી ૩૯માંની વિગત વાંચી. અમે ગ્રુપમાં ગયેલા છીએ. વિવેકાનંદ રોકના કાર્યાલયમાંથી મારી જ તા. ૨૨-૧૧-૨૨ હોઈ દર વર્ષે ૨૨મી ડીસેમ્બરના શુભેચ્છા પત્ર આવે જ છે. ફક્ત રૂા. ૨૫૦/- ભેટ કરેલા. (૧૯૯૨માં). સૂર્યોદય/સૂર્યાસ્ત જોવાની મઝા આવી. બેંગ્લોરથી ટેક્ષી ભાડે કરી મદ્રાસ છોડેલી ઘણાં સ્થળો આવરી લીધેલાં.

જાન્યુઆરીનાં અંકમાં ''પગમેં ભમરી'' પેજ ૧૯ થી ૨૬ લોક બિરાદરી પ્રકલ્પ વાંચી બાબા આમ્ટેના પરિવારની સેવા ધન્યવાદને પાત્ર છે -

**- ચીનુભાઈ બાબલદાસ શાહ**
નારાણપુરા, અમદાવાદ, મો. ૯૮૨૫૦૬૧૪૨૪

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# વાર્ષિક લવાજમ

ડૉ. મંજુલા વી. શાહ

| | | |
|---|---|---|
| ૧૯૫૭ | વાર્ષિક લવાજમ રૂા. ૧.૦૦ | છૂટક - ૨૦ પૈસા |
| ૧૯૫૮ | વાર્ષિક લવાજમ રૂા. ૨.૦૦ | છૂટક - ૨૦ પૈસા |
| એપ્રીલ ૧૯૬૨ | વાર્ષિક લવાજમ રૂા. ૩.૦૦ | છૂટક - ૩૦ પૈસા |
| ૧૯૬૭ | વાર્ષિક લવાજમ રૂા. ૪.૦૦ | છૂટક - ૪૦ પૈસા |

| **સાલ** | **વાર્ષિક લવાજમ** | **ત્રિવાર્ષિક લવાજમ** | **આજીવન સલાજમ** |
|---|---|---|---|
| નવેમ્બર ૧૯૭૦ | રૂા. ૫.૦૦ | રૂા. ૧૪.૦૦ | - |
| જુલાઈ ૧૯૭૩ | રૂા. ૭.૦૦ | રૂા. ૨૦.૦૦ | - |
| જુલાઈ ૧૯૭૪ | રૂા. ૭.૦૦ | રૂા. ૨૦.૦૦ | રૂા. ૧૫૧.૦૦ |
| ઓકટોબર ૧૯૭૬ | રૂા. ૮.૦૦ | રૂા. ૨૧.૦૦ | રૂા. ૧૫૧.૦૦ |
| નવેમ્બર ૧૯૮૦ | રૂા. ૧૦.૦૦ | રૂા. ૨૭.૦૦ | રૂા. ૧૫૧.૦૦ |
| ઓકટોબર ૧૯૮૧ | રૂા. ૧૨.૦૦ | રૂા. ૩૬.૦૦ | રૂા. ૨૫૦.૦૦ |
| નવેમ્બર ૧૯૮૩ | રૂા. ૧૫.૦૦ | રૂા. ૪૨.૦૦ | રૂા. ૨૫૦.૦૦ |
| નવેમ્બર ૧૯૮૪ | રૂા. ૨૦.૦૦ | રૂા. ૫૦.૦૦ | રૂા. ૨૫૦.૦૦ |
| નવેમ્બર ૧૯૮૬ | રૂા. ૨૫.૦૦ | રૂા. ૭૪.૦૦ | રૂા. ૩૦૦.૦૦ |
| નવેમ્બર ૧૯૮૯ | રૂા. ૩૦.૦૦ | રૂા. ૮૦.૦૦ | રૂા. ૩૦૦.૦૦ |
| ઓકટોબર ૧૯૯૨ | રૂા. ૪૦.૦૦ | રૂા. ૧૦૦.૦૦ | રૂા. ૪૦૦.૦૦ |
| એપ્રીલ ૧૯૯૬ | રૂા. ૫૦.૦૦ | રૂા. ૧૨૦.૦૦ | રૂા. ૫૦૦.૦૦ |
| જાન્યુઆરી ૨૦૦૦ | રૂા. ૬૦.૦૦ | રૂા. ૧૫૦.૦૦ | રૂા. ૬૦૦.૦૦ |
| | **વાર્ષિક લવાજમ** | **પાંચ વર્ષ લવાજમ** | **૧૫ વર્ષ - લવાજમ** |
| **સપ્ટેમ્બર ૨૦૧૩** | **રૂા. ૧૦૦.૦૦** | **રૂા. ૪૦૦** | **રૂા. ૧૦૦૦.૦૦** |

- ૧૯૯૧ થી પગદંડી લવાજમ અને આજીવન સભ્ય અલગ અલગ કરવામાં આવ્યા. પ્રથમ રૂા. ૧૫૧/- પગંદડી લવાજમમાં સેવા સમાજ આજીવન સભ્યની ફી લેવામાં આવી હતી.
- વર્ષો પહેલાં પગદંડી વિશેષાંકોને ખર્ચ પહોંચી વળવા સ્ટ્રીપ જાહેર ખબર લેવામાં આવતી જે પાનામાં સોજન્ય દાતા તરીકે અપાતી.
- ૧૯૯૭માં પગદંડીનો ૫૦૦મો અંક પ્રકાશિત કરવામાં આવેલ.

# પગદંડીના તંત્રીઓની નામાવલી

ડૉ. મંજુલા વી. શાહ

**વાદળની જેમ વરસતા, કાગળ અને કલમને સાક્ષી બનાવી ચૂકેલા સાહિત્ય, પ્રેરણાદાયી, સમાજલક્ષી પરિવર્તનો દ્વારા સમાજને રણકતા રાખવાની ભાવના એવા ઉમેદલક્ષી તંત્રીઓની વિરાટ સફરને સો સો સલામ**

| સાલ | તંત્રીઓના નામ | ગામ |
|---|---|---|
| ૧૯૫૫ | મેઘજી રામજી ગાલા | લાયજા |
| | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | શાંતિલાલ દેવજી નંદુ | |
| | હીરજી એલ. દેઢિયા | |
| ૧૯૫૬ | લખમશી હીરજી રાંભિયા | રામાણિયા |
| | ડુંગરશી કાનજી દેઢિયા | |
| | ખીમજી દેવજી પોલડીયા | |
| ૧૯૫૭ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | લખમશી હીરજી રાંભિયા | રામાણીયા |
| | ભાણજી ડી. સંગોઈ | |
| ૧૯૫૮ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | લખમશી હીરજી રાંભિયા | રામાણીયા |
| | કાંતિલાલ ખેતશી શાહ | રાણાણીયા |
| ૧૯૫૯ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | કાંતિલાલ ખેતશી શાહ | રાણાણીયા |
| | કલ્યાણજી નાનજી વોરા | |
| ૧૯૬૦ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | કલ્યાણજી નાનજી વોરા | |
| | રામજી એલ. શાહ | |
| ૧૯૬૧ | કલ્યાણજી નાનજી વોરા | |
| | રામજી એલ. શાહ | |
| | દામજી ઉમરશી સાવલા | |
| | ભવાનજી કોરશી વોરા | |

| સાલ | તંત્રીઓના નામ | ગામ |
|---|---|---|
| ૧૯૬૨ | લખમશી હીરજી રાંભિયા | |
| | દામજી ઉમરશી સાવલા | |
| | દામજી ખીમજી મારૂ | |
| ૧૯૬૩ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | ભાણજી ડી. સંગોઈ | |
| | દામજી ખીમજી મારૂ | |
| ૧૯૬૪ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | નાગજી જે. ગોસર | |
| | નાનજી એમ. દેઢિયા | |
| ૧૯૬૫ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | નાનજી એમ. દેઢિયા | |
| ૧૯૬૬ | નાનજી એમ. દેઢિયા | |
| | લખમશી એચ. રાંભિયા | |
| | તનસુખ યુ. મારૂ | |
| ૧૯૬૭ | લખમશી એચ. રાંભિયા | |
| | તનસુખ યુ. મારૂ | |
| | રમેશ યુ. મોતા | દેવપુર |
| ૧૯૬૮ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | તનસુખ યુ. મારૂ | |
| | રમેશ યુ. મોતા | દેવપુર |
| ૧૯૬૯ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | રમેશ યુ. મોતા | દેવપુર |
| | કુ. જયા એલ શાહ | |

| સાલ | તંત્રીઓના નામ | ગામ |
|---|---|---|
| ૧૯૭૦ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| | રમેશ યુ. મોતા | દેવપુર |
| | દેવચંદ રામજી છેડા | |
| ૧૯૭૧ | કે. પી. ગાલા | સમાઘોઘા |
| થી | રમેશ યુ. મોતા | દેવપુર |
| ૧૯૭૩ | દેવચંદ એસ. ગાલા | |
| | | |
| ૧૯૭૬ | નેમચંદ એમ. ગાલા | |
| | દેવચંદ એસ. ગાલા | |
| ૧૯૭૭ | લીલાધર ગડા | |
| થી | ખુશાલ ગડા | |
| ૧૯૭૯ | ગુલાબ દેઢિયા | |
| | | |
| ૧૯૮૦ | ગુલાબ દેઢિયા | |
| ૧૯૮૧ | નલિની ગાલા | |
| | | |
| ૧૯૮૨ | ડૉ. મુલજી ખીમજી ગડા | |
| | ગુલાબ દેઢિયા | |
| | નલીની ગાલા | |
| | ડૉ. વિશનજી નાગડા | |
| ૧૯૮૩ | ગુલાબ દેઢિયા | |
| થી | નલીની ગાલા | |
| ૧૯૮૫ | ડૉ. વિશનજી નાગડા | |
| ૧૯૮૬ | ગુલાબ દેઢિયા | |
| | ડૉ. વિશનજી નાગડા | |
| ૧૯૮૭ | ગુલાબ દેઢિયા | |
| | નલીની ગાલા | |
| | ડૉ. વિશનજી નાગડા | |
| ૧૯૮૮ | ડૉ. મુલજી ગડા | |
| ૧૯૮૯ | ડૉ. મુલજી ગડા | |
| ૧૯૯૦ | ડૉ. મુલજી ગડા | |
| ૧૯૯૧ | ડૉ. મુલજી ગડા | |

| સાલ | તંત્રીઓના નામ | ગામ |
|---|---|---|
| ૧૯૯૨ | ડૉ. રમેશ દેઢિયા | |
| થી | શ્રી લીલાધર ગડા | |
| ૧૯૯૬ | જેઠાલાલ (મંગલમ) - સહતંત્રી | |
| | | |
| ૧૯૯૭ | ડૉ. રમેશ દેઢિયા | |
| | લીલાધર ગડા | |
| | જેઠાલાલ ગંગર | |
| ૧૯૯૮ | ડૉ. રમેશ દેઢિયા | |
| | લીલાધર ગડા | |
| | શાંતિભાઈ રાંભિયા | સમાઘોઘા |
| ૧૯૯૯ | ડૉ. રમેશ દેઢિયા | |
| | લીલાધર ગડા | |
| | શાંતિભાઈ રાંભિયા | સામઘોઘા |
| ૨૦૦૦ | લીલાધર ગડા | |
| | અશ્વિન માલદે | ભુજપુર |
| | ડૉ. ધીરજી છેડા | |
| ૨૦૦૧ | ડૉ. રમેશ દેઢિયા | |
| | લીલાધર ગડા | |
| | અશ્વિન માલદે | ભુજપુર |
| ૨૦૦૨ | ડૉ. રમેશ દેઢિયા | |
| | લીલાધર ગડા | |
| | અશ્વિન માલદે | ભુજપુર |
| ૨૦૦૩ | ડૉ. રમેશ દેઢિયા | |
| | લીલાધર ગડા | |
| | અશ્વિન માલદે | ભુજપુર |
| ૨૦૦૪ | લીલાધર ગડા | |
| | અશ્વિન માલદે | ભુજપુર |
| | | |
| ૨૦૦૫ | CA અશ્વિન માલદે | ભુજપુર |
| થી | CA શાંતીભાઈ રાંભિયા | સમાઘોઘા |
| ૨૦૨૧ | CA ચંદ્રકાન્ત નંદુ | બાડા |
| | | |

# પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી શિલ્ડ વિજેતા

ડૉ. મંજુલા વી. શાહ

| સાલ | નામ | ગામ |
|---|---|---|
| ---- | ગીરીશ વીંછીવોરા | કોટડા (રોહા) |
| ---- | દામજી માણેક ગડા | ભોજાય |
| ૧૯૯૨-૯૩ | આનંદકુમાર આડે | - |
| ૧૯૯૩-૧૪ | નેમચંદ ગાલા | રાયણ |
| ૧૯૯૪-૯૫ | રામજી ઠાકરશી દેઢિયા | પત્રી |
| ૧૯૯૫-૯૬ | ટોકરશી વોરા - તલકશી સાવલા | સંયૂક્ત |
| ૧૯૯૬-૯૭ | આનંદકુમાર આડે | |
| ૧૯૯૭-૯૮ | ડુંગરશી સોજુ મોતા | બિદડા |
| ૧૯૯૮-૯૯ | ડૉ. મુલજી ગડા | માપર |
| ૧૯૯૯-૨૦૦૦ | લોપા ધરોડ (મારૂ) | પત્રી |
| ૨૦૦૦-૨૦૦૧ | નલીની ગાલા | સમાઘોઘા |
| ૨૦૦૧-૨૦૦૨ | લાહીરી શાહ | હૈદ્રાબાદ |
| ૨૦૦૨-૨૦૦૩ | શ્રીમતી ધનલક્ષ્મી ગડા | માપર |
| ૨૦૦૩-૨૦૦૪ | ડૉ. ઉદય ગડા | મંજલ રેલડીયા |
| ૨૦૦૪-૨૦૦૫ | શ્રી પન્નાલાલ છેડા | કુંદરોડી |
| ૨૦૦૫-૨૦૦૬ | શ્રી લીલાધર ગડા | ભોજાય |
| ૨૦૦૭-૨૦૦૮ | શ્રી મુરજી ગડા | માપર |
| ૨૦૦૮-૨૦૦૯ | શ્રી. કે. પી. ગાલા | સમાઘોઘા |
| ૨૦૦૯-૨૦૧૦ | પુષ્પા ચીમનલાલ રાંભીયા | વડાલા |
| | હંસા ખુશાલ રાંભીયા | ડેપા |
| ૨૦૧૦-૨૦૧૧ | પ્રવિણચંદ્ર શાલુ | પનવેલ |
| ૨૦૧૧-૨૦૧૨ | શાંતિલાલ ઉમરશી મામણીયા | કપાયા |
| ૨૦૧૨-૨૦૧૩ | શ્રી કિરણ રતનસી વિસરીયા | કોટડા (રોહા) |
| ૨૦૧૩-૨૦૧૪ | ડૉ. ધીરજ છેડા | બિદડા |
| ૨૦૧૯ | શ્રી ડુંગરશી સોજુ મોતા | બિદડા |

# કચ્છના ઈતિહાસના પાનેથી

✲ વસંત શાહ ✲

લગભગ ૧૩૫ વર્ષ પહેલાંનો સમય. મારા દાદા દામજીભાઈ દેશમાં ખેતી કરતા. પાક તૈયાર થયે, બળદગાડામાં નાખી, માંડવી લઈ જઈ આડત પેઢી મારફત વેચાણ કરે. એક દિવસ માંડવીના પેઢી પર એમની મુલાકાત એક ભાટીયા ગ્રહસ્થ સાથે થઈ. એ ભાઈ મુંબઈ માલ મોકલાવતા એટલે ધંધાદારી સંબંધ મુંબઈના વેપારીઓ સાથે હતા. એમની મુલાકાતથી દામજીભાઈ ને મુંબઈ જઈ વેપાર અથવા તો કોઈ સારી નોકરીમાં જોડાઈ જોવાનો વિચાર થયો. એમણે એ ભાટીયા મહાશયને વાતવાતમાં પોતાની ઇચ્છા જણાવી. જોગાનુજોગ એ ભાટીયા સજ્જને મુંબઈના એક વેપારી પેઢીમાં માણસની જરૂર હોય તો મોકલી આપું એવું લખી મોકલાવ્યું. બે અઠવાડિયા બાદ ફરી બીજી ખેપમાં માંડવી જઈને દામજીભાઈ એ ભાટીયા ભાઈની તપાસ કરી, એમને મળ્યા. મુંબઈથી જવાબ આવેલ કે સારો પાણીદાર માણસ હોય તો મોકલી આપજો. ખાવા પીવાની સાથે રહેવાની વ્યવસ્થા પેઢી તરફથી. શરૂમાં પગાર નહીં. વર્ષાંતે કામ જોઈને યોગ્ય રકમ ભરી આપવાનું નક્કી થયું.

એકાદ મહિના બાદ, બોટ રાસ્તે દામજીભાઈ મુંબઈ પહોંચ્યા. કામ શીખવા લાગ્યા. વાણીયાનો દીકરો. ધગશથી કામ કરી ઘણું શીખી લીધું. છ મહિના પછી પેઢીના મુનીમે રૂપિયા પંદર દામજીભાઈને દેશમાં મોકલવા આપ્યા. એ રૂપિયા દામજીભાઈ એ પોતાની પાસે જમા રાખ્યા. એવી રીતે અંદાજે બે વરસની નોકરી કરી. ત્યાર દરમ્યાન વેપારના કામકાજમાં એક અંગ્રેજ સજ્જન સાથે ઓળખાણ થઈ જે નસીબજોગે મિત્રતામાં ફેરવાઈ, અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ મેળવ્યું. વાંચનના શોખની લીધે ગુજરાતી પણ ખૂબ સારું લખી વાંચી શકતા હતા. સુખમાં સમય પસાર થતો રહ્યો. એ અરસામાં એક દશા ઓસવાલ કેશવજીભાઈ , જે નજીકમાં રહેતા હતા અને એમની એક પ્રિન્ટીંગ પ્રેસ હતી, એમની સાથે પરિચય થયો.

ફુરસદના સમયે પ્રેસમાં જવાનું થતું એટલે દામજીભાઈ એ કામનું કુતૂહલ થતું જેથી કાઈ ને કાઈ શીખતા. ભાગ્યવસાતે કેશવજીભાઈ ની તબિયત બગડતાં મુંબઈ છોડવાની ડોક્ટરે તાકીદ કરી અને દેશમાં જવાની સલાહ આપી. આ સંજોગોમાં પ્રેસ વેંચવા સિવાય ઉપાય નહોતો. દામજીભાઈ એ પ્રેસ ચલાવવાનો નિર્ણય કર્યો. કેશવજીભાઈ માયળુ સ્વભાવના હતા. સુખી સંપન્ન હતા એટલે એમની પ્રેસ દામજીભાઈને ચલાવવા આપી. પ્રેસના કારીગરો ભલા હતા તેથી આ નવા કામમાં કોઈ ખાસ મુશ્કેલી ન પડી. અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં છપાઈનું કામ સારું ચાલ્યું. ધીરે ધીરે દામજીભાઈ ગુજરાતી છાપુ પ્રગટ કરવાનું વિચારતા થયા અને સુજબુજથી એકાદ વર્ષમાં બધું સરખું ગોઠવી ''કચ્છ કેસરી'' નામનું સાપ્તાહિક ચોપાનીયું છાપી, કચ્છી, ગુજરાતી, પારસી તેમજ ખોજા અને મેમણ બંધુઓને પહોંચાડવાની વ્યવસ્થા કરી.

આર્થિક પરિસ્થિતિ સુધરતા એમના સુપુત્ર લીલાધર ને, જે દેશમાં અભ્યાસ કરતા હતા તેમને મુંબઈ બોલાવી લીધા. એમણે પ્રેસના કામમાં પરોવી દીધા. એ અરસામાં દામજીભાઈને દેશમાં જવાનું થયું. એમની દીકરીના વિવાહ માટે નિર્ણય કરવા કુટુંબીઓ સાથે ચર્ચા વિચારણા કરી નક્કી કરવાનું હતું. પુત્ર લીલાધર કાબેલ હોતા એમનો પ્રેસ સોંપી તેઓ દેશમાં સિધાવ્યા. દોઢ મહિના દેશમાં રોકાયા. દીકરીના વિવાહનું બધું યોગ્ય ગોઠવી લીધું. કચ્છના રોકાણ દરમ્યાન દામજીભાઈની ઈચ્છા હતી કે કચ્છના તત્કાલીન રાજવીને ભુજ રાજમહેલમાં મળી એમની ભવ્યતા, જનતા પ્રત્યેની સદભાવના તથા પ્રજા વાત્સલ્ય અંગે 'કચ્છ કેસરી'માં સુંદર રજુઆત કરવી. આ આશયથી તેઓ ભુજ ગયા. રાજમહેલ પહોંચ્યા. મહેલના કમ્પાઉન્ડ દ્વાર પર દરવાન ચોકીદારે રોક્યા. બાવાને મળતું હોય તો એક પાયલો આપો પછી જ અંદર જવાની પરવાનગી આપું એમ કહ્યું. દામજીભાઈ આ રૂશ્વત આપવા તૈયાર નહોતા. પાછી વળી ગયા. દેશનું રોકાણ ટૂંકાવી મુંબઈ પહોંચ્યા. 'કચ્છ કેસરી'ના આગામી અંકમાં એમનો ભુજમાં થયેલ અપમાનિત અનુભવ વિગતે છાપી દીધું. ''ભુજમાં કચ્છના રાજા બાવાને મળવું હોય તો એક પાયેલો ચોકીદારનો આપવા તૈયાર રાખવો'' એવા મથાળા હેઠળનું લખાણ વાળું છાપું દેશમાં રાજવીના હાથમાં આવ્યું. વાંચી ખૂબ ગુસ્સે થયા. ''આ કોણે લખ્યું છે ? મારા રાજ્યને છાપે ચડાવવાની હિંમત એક વાણિયાએ કરી ! '' તરત હુકમ કર્યો કે આ કચ્છ કેસરી વાળા વાણિયાને આજથી હદપારનો હુકમ લખો અને મ્હોર મારી દામજીભાઈને મોકલી આપ્યું. ''કચ્છ રાજ્યની નામોશી થાય તેવા લખાણ માટે તમને કચ્છમાં આવવાની આજીવન બંધી ફરમાવવમાં આવે છે જેની નોંધ લેશો'' દામજીભાઈ શાંતિથી સ્વીકાર કર્યું. હવે એમની દીકરીના લગ્ન લેવાનો સમય થયો એટલે એમણે વેવાઈને જણાવ્યું કે હું દેશમાં આવી શકું એમ નથી તો આ લગ્ન હું મુંબઈમાં કરી આપવા તૈયાર છું. આપને મંજુર હોતા જાણ કરશો. સર્વસંમતિથી લગ્ન મુંબઈમાં થયા અને એ આપણી જ્ઞાતિના મુંબઈમાં થયેલ પહેલા લગ્ન હતાં. ઘણા સારા માઠા સમયની સફર કરી, પ્રગતિ સાધી સને ૧૯૧૪ સુધીમાં ''કચ્છ કેસરી'' ચોપનિયામાંથી ૨૦ પાનાનું છાપું બની ગયું. ત્યારની ગુજરાતી વાંચતા પ્રજાજનોમાં ખૂબ લોકપ્રિય પણ એટલું જ હતું. પહેલાં વિશ્વયુદ્ધના ચાર વર્ષના ગાળામાં છાપખાનું બંધ રાખવું પડયું જેથી થોડું નુકસાન પણ ભોગવ્યું.

સને ૧૯૦૦ આસપાસ વિસા ઓસવાલ જ્ઞાતિના કુટુંબોની વસ્તી મુંબઈમાં સારા પ્રમાણમાં વધી હતી. મસ્જિદ બંદર, લાલબાગ અને દિલાઈલ રોડ વિસ્તારોમાં રહેણાક હતા. શરૂઆતમાં દાણાની દુકાનો માંડી પછી જથ્થાબંધ અનાજનો વેપાર અને વીમા ક્ષેત્રે પણ પગરણ થયું. વીસા ઓસવાલ પહેલાં દશા ઓસવાલ બંધુઓ મુંબઈ આવી કપાસના વેપારમાં સફળ થઈ સ્થિર થયા હતા. દશા તથી વિશા વેપારીઓનું સ્ટેશનરીનું છાપકામ ''કચ્છ કેસરી'' પ્રેસ ખૂબ સુંદર રીતે કરી આપતું. સ્વચ્છ છપાઈ, સમયસર ડિલિવરી અને પ્રમાણિક વ્યવહારને લીધે જ્ઞાતિબંધુઓ સાથે ખૂબ સુમેળ ભર્યા સંબંધો બંધાયા. સમાજમાં દામજીભાઈ કચ્છ કેસરી નામે ઓળખાવા લાગ્યા. આજે પણ અમારું કુટુંબ, દેવપુરમાં કચ્છ કેસરી નામે ઓળખાય છે.

૧૯૧૪માં વિશ્વયુદ્ધ શરૂ થતાં, અંગ્રેજ સરખારે પ્રાદેશિક વર્તમાનપત્રો છાપવા પર પ્રતિબંધ મૂકતો ફરમાન કાઢ્યું. 'કચ્છ કેસરી' નું પ્રકાશન બંધ થયું. પિતા - પુત્રનો પત્રકાર જીવ મૂંઝાયો પણ કોઈ ઉપાય

ન હતો. સને ૧૯૧૫માં દામજીભાઈ ટુંકી માંદગીથી અવસાન પામ્યા. ત્યારબાદ એમના પુત્ર લીલાધર ભાઈ (મારા પિતાશ્રી) એ વ્યાપારી છાપકામ ચાલું રાખ્યું. સનો ૧૯૧૮માં યુદ્ધ બંધ થયું. લીલાધર ભાઈનો પત્રકાર જીવ ફરી અખબાર શરૂ કરવા સળવળ્યો.

'કચ્છ કેસરી'નું નામ ચાર વર્ષ બંધ રહેયું એટલે એમણે નવા નામે વર્તમાનપત્ર સાપ્તાહિક અને ૧૯૧૯માં શરૂ કર્યું. નામ રાખ્યું ''સત્યપ્રકાષ''. મિત્ર વર્તુળ મોટું હતું તેથી એ સાપ્તાહિકનો ફેલાવો કરવામાં સરળતા રહી. થોડા સમય બાદ કચ્છ ખાતે પ્રતિનિધિઓ નીમી કચ્છના તાજા સમાચાર દર અઠવાડિયે પીરસતા રહ્યા, જે ''કચ્છ કેસરી'' ના નામે શક્ય ન હતું કારણ કે કચ્છના રાજવીની પાબંધી હતી.

- વસંત લીલાધર શાહ, દેવપુર /મુલુંડ
મો. ૮૪૫૧૦૯૮૬૭૮

# વાત છે મારી-તારી-આપણી

## ડોકટરની ભૂલ

વડોદરામાં દર વર્ષે પં. નહેરૂ જન્મજયંતી પર સયાજીબાગમાં બાળમેળો યોજાય છે. શરૂઆતમાં દર વર્ષે તા. ૧૪મી નવેંબરે યોજાકો. હવે અનુકૂળતા એ તારીખની આસપાસ યોજાય છે.

લગભગ ચાર દાયકા પહેલાંની વાત છે. ભરૂચ પાસેના પાલેજ ગામના એ ભાઈ તેમની પુત્રીને લળ બાળમેળો જોવા આવ્યા હતા. મેળામાં રક્તપિત્ત રોગ અંગેની માહિતી આપતો સ્ટૉલ પણ હતો. પિતાપુત્રી જિજ્ઞાસાથી ત્યાન ઊભા રહ્યા. એક પત્રિકા લીધી . પુત્રની કેટલાક વખતથી ચામીડીની કંઈક તકલીફ હતી. તેથી પિતાને લાગ્યું કે ડોકટરોને બતાવી જોવું સારું. પત્રિકાની નીચે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલત કલીનીકનું સરનામું, મળવાનો સમય વગેરે જણાવ્યું હતું. તે અનુસાર પિતાપુત્રી કલીનીક પર ગયા. મારાં નાનાં બહેન અનુબહેમ અને ડૉકટર સાહેલ હારજ હતા. ડોકટર સાહેબે યુવતીને તપાસી. નિદાન કરીને ફટાક્ દઈને બોલી ઊઠ્યા, 'રક્ત પિત્ત છે !' સાંભળતાં જ પિતા બેહોશ થઈ ગયા.

અનુબહેન ડૉકટરની આ રીત ન ગમી. એમણે સાવચેતીપૂર્વક શાંતિથી બીમારીની જાહેરાત કરવી જોઈએ, જેથી દરદીને કે સગાવહાલાને અચાનક ધ્રાસકો ન લાગે. ડૉકટર આદરણીય વ્યક્તિ હતા. અનુબહેન માત્ર કાર્યકર્તા હતા. વધુ તો શું કહી શકે / માત્ર આટલું બોલ્યા-

'સર, આ રીતે બીમારીની જાણ નહોતી કરવી જોઈતી.'

એમણે દર અને સંકોચથી આંખો ઢાળી દીધી. ક્ષણાર્ધ મૌન પછી ડૉકટરે કહ્યું, 'અનુબહેન, ભુલ કબૂલ કરું છું.'

**શાંતિલાલ ગઢિયા** - વડોદરા
વડોદરા - સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫

# મનગતનો લોકડાઉન

મોનાલી ધનજી ગાલા (શાહ)

કોવિડ-૧૯નો અતિકપરો કાળ હવે થોડો સહ્ય બન્યો છે, લોકડાઉન ઉઠી ગયો છે. નિયમોનું પાલન કરી આપણે મુક્તસંચાર કરી શકીએ  છીએ. પણ છેલ્લા છ મહિનાથી મારાં ઘરની ગેલેરીમાં લોકડાઉન છે. મારાં માટે એનો વપરાશ બંધ. ત્યાં કસરત, પ્રાણાયામ, કપડાં સુકાવવાનું બધું બંધ. કારણ મારો બે સુંદર - સુરીલા મિત્રોએ એની પર કબ્જો જમાવ્યો છે. આ મિત્રો છે પરપલ સનબર્ડ એટલી જામલી શક્કરખોરો અને દૈયડ એટલે મેગપાય રોબીન. એમની વાત માંડીને જ કહું.

૬ જાન્યુઆરી'૨૦ નાં દિવસે સનબર્ડની એક જોડીએ મારાં ટૅરેસ પરનાં એક તરુ પર પોતાના મ્હેલનું નિર્માણ શરૂ કર્યું. દોઢ મહિનાનાં સમય દરમ્યાન માળાનું નિર્માણ, ઈંડા મૂકવા, તેમને સેવવા, બચ્ચાઓનો જન્મ અને એમનું ઉડાણ એમ જીવનક્રમ પૂરાં થયાં. આ દરમ્યાન હું ટૅરેસ કેવી રીતે વાપરી શકું ? શરૂઆતમાં ટૅરેસનો દરવાજો  જરીકે સરકાવ્યો કે પંખીઓ પોતાનું કામ છોડી ક્ષણાર્ધમાં ઉડી જતાં. હું અપરાધીપણાની ભાવના અનુભવતી. એકવાર માદીએ ઈંડા મૂક્યા બાદ અંદર આસ્તે કદમ મૂકયો કે પંખીઓ ગજબનો શોરબકોર કરી મને ત્યાંથી ભગાવી દેતાં. ત્રણેય બચ્ચાંઓ ઉડી ગયા બાદ બાલ્કની સુની સુની લાગવા મંડી. પણ અહો આશ્ચર્યમ્! અઠવાડિયાની અંદર આ ટચુંકડું દંપતિ હાજર. ઘરનું રીનોવેશન શરૂ થયું. અનુકૂળ પરિસ્થિતિને કારણે ફરીથી ગર્ભાધાનની તૈયારી શરૂ થઈ ગઈ. (સાધારણ રીતે પક્ષીઓ માળાનો એક જ વાર ઉપયોગ કરે છે. અને અપવાદ સિવાય એકનો વાપરેલો માળો, બીજાં વાપરતા નથી.) મારાં આ હોશિયાર દોસ્તોને  આ જગ્યા એટલી પસંદ પડી કે છોડવા તૈયાર ન હતાં. ફરી પાછો એ જ જીવનક્રમ.

સનબર્ડ નો માળો જ્યાં લટકે છે તેની ત્રણેક ફૂટ દૂર દિવાસ પર મેં એક નેસ્ટ બોક્ષ (કૃત્રિમ માળો) બેસાડયો છે. દૈયડ એટલે કે મેગપાય રોબીનને મારી આ આઈડીયા ઘણી જ ગમી. રોબીનની જોડી વારંવાર આવે. બોક્ષની તપાસણી કેર પણ નાનો, આક્રમક સનબર્ડ એમની પર હલ્લો કરી એમનો નાસી જવાની ફરજ પાડે. જાણે એ જ મારી ગૅલેરીનો માલિક. રૉબીન સભ્ય. ઝઘડો કરવાનું ટાળે. સનબર્ડને

હજી મારાં પર વિશ્વાસ ન હતો. પંખીશાસ્ત્રની ભાષામાં કહુંતો સનબર્ડ territory marking નું નિર્દેશ કરે. એટલે એમનાં સિવાય બાકીનાઓને ત્યાં જવાની મનાઈ.

બચ્ચાઓ મોટાં થયાં અને એક-બે દિળસમાં પોતાનું સ્વતંત્ર આયુષ્ય શરૂ કરશે એમ લાગતું હતું ત્યાં તો સનબર્ડ ની આવ-જા બંધ થી. બચ્ચાઓનો અવાજ બણ બંધ. જઈને માળામાં આંગળી નાંખી તો બચ્ચાં ભગવાને પ્યારા થઈ ગયાં હતાં. ઉદાસી મને ઘેરી વળી. થોડા કલાકો બાદ મા-બાપ પધાર્યા. કાંઈ ખેદ નહિ કે ખંત. એ જ તાજગીભર્યો કલરવ. ત્રીજે દિવસે તેઓ એક એક કરીને મૃતદેહોને લઈ ગયાં. જૂનાં માળાનો ઉપયોગ કર્યો એટલે ઈન્ફેકશન થયું હશે એમ જાણવા મળ્યું. પણ આ જોડી ગજબની. જુનો માળો છોડવા તૈયાર જ નહિ. ફરી ઘરની દુરસ્તી શરૂ. પણ ચેતી ગયા. કામ પડતું મૂકયું અને ઉપયોગી સામાન લઈ ગયાં.

જેવું એમણે બાય બાય કર્યું કે વાર જોઈ રહેલા સહનશીલ મેગપાય રોબિનની જોડીએ નેસ્ટ બોક્ષ તાબામાં લીધો. મારા માટે ગૅલેરી પુરતો લોકડાઉન. રોબિન પક્ષીનો જીવનક્રમ ચાલુ થયો અને મારાં દિવસો સૂર મઢ્યા થઈ ગયાં. દોઢ મહિના બાદ બે દિવસમાં ચાર બચ્ચાંઓએ ખુલ્લા હવામાં ઝપંલાવી અને અનોખા માંદની અનુભૂતિ કરાવી. સૂની, શાંત બાલ્કનીમાં મેં ભારે પગલે પ્રવેશ કર્યો. વિરોધ કરનાર કોઈ ન હતું. મારી પ્યારી બાલ્કનીમાં હું અસ્વસ્થ થઈ ગઈ. મારી હાલતની દયા ખાઈને કે કેમ ફરી ઈતિહાસનું પુનરાર્વન રોબીનની ડાહી જોડી ફરી એકવાર મા-બાપ બનવા કટીબધ્ધ થઈ. મારી બાલ્કની ગુંજી ઉઠી.

માદાએ ઈંડા મૂક્યાં છે. મહિનો એક થશે બચ્ચાને મોટા થવામાં હું ખુશ છું. પક્ષીઓને આવું ચોખ્ખું, શુદ્ધ, શાંત વાતાવરણ ફરી ક્યારે મળે ? પરિસ્થિતી નો લાભ ઉઠાવ્યો છે. આવો લોક ડાઉન હું આયુષ્યભર સ્વીકારવા તૈયાર છું

---

(આ લેખ મેં મે મહિનામાં આખરી દિવસોમાં લખ્યો છે. મરાઠી લેખનું ગુજરાતી ભાષાંતર મારી મમ્મી શાંતાબેને કર્યું છે. ઉપરોક્ત હકીકતનું વિડિો ચિત્રણ રસિક, જીજ્ઞાસુ વાંચકો નીચેની લિંક પર જોઈ શકાશે.)

સનબર્ડ માટે - https://youtu.be/7Jx-sPickpY

રોબીન માટે - https://youtu.be/ky_xnErEhJo

મો. - ૮૩૮૦૭૦૧૬૪૪

## જન્મ શતાબ્દી અવસર (૧૯૨૧–૨૦૨૧)

### મુંબઈ આકાશવાણીની દરિયાપાર ગુજરાતી સામચાર સેવાના સંપાદક

# માંડવીની સર્જક પ્રતિભા : નાનાલાલ વસા

### જન્મ : ૫મી જાન્યુઆરી, ૧૯૨૧ – નિધન : ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭

ભરત કુમાર પ્રા. ઠાકર. ૪૦ વૃન્દાવન નગર, અંજાર કચ્છ-૦૯૪૨૭૨૨૩૧૫૦

ઈસુનું ૨૦૨૧નું નૂતન વર્ષ આરંભાઈ ચૂક્યું છે. ૨૦૨૧ના વર્ષમાં આઠેક કચ્છી વ્યક્તિવિશેષોના શતાબ્દી અવસર આવે છે. તેમાં એક મૂળે કચ્છ-માંડવીના વતની, મુંબઈ આકાશવાણીના સમાચાર સંપાદક અને જાણીતા પત્રકાર-લેખક નાનાલાલ મોતીચંદ વસા (૧૯૨૧-૯૭)નો પણ સમાવેશ થાય છે. લેખન ક્ષેત્રમાં તેઓ એક અભ્યાસં કટાલ લેખક, વાર્તાકાર, વિજ્ઞાનલેખક અને સાગરકથા લેખક પણ હતા. વર્ષના પ્રારંભે જ આવતી એમની શતાબ્દી પ્રસંગે એમને યાદ કરીએ ...

### તાંત્રિક કારકિર્દીથી આરંભ

નાનાલાલભાઈ વસાનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૫મી જાન્યુઆરી, ૧૯૨૧ની કચ્છના બંદરીય શહેર માંડવી ખાતે થયો હતો. માધ્યમિક શિક્ષણ વતનમાં અને કરાંચી શારદા મંદિરમાં તથા ઉચ્ચ વિજ્ઞાન શિક્ષણ વિલ્સન કૉલજ (મુંબઈ) અને ફર્ગ્યુસન કૉલેજ (પૂના)માંથી મેળવ્યું હતું. રેડિયો ઈજનેરીને લગતો ટેક્નિકલ ડિપ્લોમા મેળવી રેડિયા વ્યવસાયમાં ઝંપલાવ્યું અને તેના અનુસંધાને આખાય અવિભક્ત ભારતનો પ્રવાસ કર્યો.

ગુજરાતી સાપ્તાહિક 'રેડિયો'નું ટેનિકલ તંત્રી પદ સંભાળ્યું. 'નૂતન ગુજરાત' અઠવાડિક (અમદાવાદ)માં રેડિયો અંગેની વિશિષ્ટ કટાર સંભાળી અને એક દાયકા પર્યંત 'ઉપનગર સંદેશ' (મુંબંઈ) અખબારનું પણ સફળ સંચાલન કર્યું. માત્ર ત્રીસ વર્ષની યુવાન વયે ૧૯૫૧માં તેઓ નગરપાલિકા ચૂંટણીમાં બોરિવલીમાંથી ચૂંટાઈ આવેલા અને ત્રણેક વર્ષ સુધી તેની જાહેર સ્વાસ્થ્ય સમિતિના અધ્યક્ષ રહ્યા હતા.

દરમ્યાન, તેઓ આકાશવાણીના મુંબઈ કેન્દ્રમાં જોડાયા અને તેની દરિયાપારના ગુજરાતીઓ માટેની સમાચારસેવાના સંપાદક તરીકે લાંબો સમય કાર્ય કરી ૧૯૭૯માં સેવા નિવૃત્ત થયા હતા. એમના પ્રકાશિત થયેલા લેખો-પુસ્તકો અને પ્રસારિત થયેલા રેડિયો વાર્તાલાપો પરથી એ સહેજે જાણી શકાય છે કે વિજ્ઞાન એમનો રસનો વિષય હતો.

### વિજ્ઞાન-સાગર-તુત્રજ્ઞાન

ઉત્તરે રણથી અને દક્ષિણે દરિયાથી વીંટળાયેલા કચ્છ પ્રદેશના લેખકોની કૃતિઓમાં આ બે વસ્તુ ન આવે તો જ નવાઈ. ચંદ્રશંકર બૂચ 'સુકાની' (૧૮૯૬-૧૯૫૮), ડૉ. મનુભાઈ પાંધી (૧૯૧૪-૮૪), વનુભાઈ પાંધી (૧૯૨૮-૯૪) જેવા કચ્છના

ઠીક-ઠીક લેખકોએ સાગર 'ખેડયો' છે. તેમ નાનાલાલભાઈની રગરગમાં પણ જાણે સમુદ્રની લહેરો ઉછળતી. એમની સાગરકથાઓ અને દરિયા વિષેના એમના લેખોએ ઘણાનું ધ્યાન ખેંચ્યું છે.

તો, પુરાતત્ત્વ વિષયક એમની જાણકારી પણ આશ્ચર્ય ઉપજાવે એવી હતી. વિદેશ પ્રવાસ દરમ્યાન દુનિયાભરનાં વિખ્યાત સંગ્રહલયોની પણ એ મુલાકાત લઈ આવ્યા હતા. સાથે સ્થાનિકે પણ એટલા જ પ્રવૃત્ત હતા. મુંબઈના પરાંઓની સામજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા. બાલભારતી, નાગરિક સંઘ જેવી સંસ્થાઓના સ્થાપક પણ તોઓ જ હતા.

નાનાલાલભાઈએ લખેલાં પુસ્તકોમાં વિજ્ઞાનની પગદંડી, વિજ્ઞાન વિહાર ઉપરાંત રેડિયો કેવી રીતે કામ કરે છે ? (૧૯૬૭), આકાશવાણીનું સમાચારતંત્ર (૧૯૭૧), ભારતમાં ટેલિવિઝન (૧૯૭૨), ટેલિફોન કેવી રીતે કામ કરે છે ? (૧૯૭૩); ચંદ્ર પર માનવી, ચંદ્ર પર જઈને શું કરીશું ? જેવી કેટલીક રસપ્રદ પરિચય પુસ્તિકાઓ પણ લખી છે.

## માધુર્ય-મમતા-મીઠપ

મૂળરાજ રૂપારેલ (૧૯૩૫-૯૭) સંપાદિત અને પ્રસન્ન પ્રકાશન (મુંબઈ) પ્રકાશિત કચ્છી વાર્તાકારોના વાર્તાસંગ્રહ 'ખારાં પાણી, મીઠી કૂંપળ' (૧૯૭૭)માં નાનાલાલ વસાની પણ વાર્તા 'યાતના ત્રીસ મહિનાની' સ્થાન પામી હતી.

શ્રી રૂપારેલ નોંધે છે તેમ નાનાલાલભાઈને મળવું એટલે જાણે એક ચલિત જ્ઞાનકોશને મળવું છૂટા પડવાનું મન ન થાય એવો મધુર સ્વાભાવ. એ માંડવીના છે કે માંડવીના છે કે માંડવી એમનું છે એ મૂંઝવણ થાય એટલી હદે વતન પ્રત્યે મમતા. સારાનરસા અનુભવો છતાં કચ્છના પ્રશ્નોમાં એ ખૂબ રસ લેતા.

આવા મીઠપવાળા માનવી નાનાલાલ વસાનું ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના મુંબઈ (બોરીવલી) ખાતે અવસાન થયું. પોતાના ત્રણેય પુત્રો (રાહુલ, પ્રશાંત અને પુલિન)ને એમણે તબીબી કારર્દિદીમાં આગળ વધાર્યા હતા. પુલિનભાઈ ચિકિત્સક સાથે કચ્છના ઈતિહાસ- પરાતત્ત્વના પણ એૉલા જ અભ્યાસુ છે. જન્મ શતાબ્દી પ્રસંગે આપમી હાર્દિક આદરાંજલિ.

## આ વર્ષની શતાબ્દી પ્રતિભાઓ

લેખના આરંભે જે નો ઉલ્લેખ કર્યો છે તે ૨૦૨૧માં જેમની શતાબ્દી આવે છે એરી અન્ય પ્રતિભાઓનો પણ છેલ્લે નામોલ્લેખ કરી લઈએ. ચાલુ વર્ષે કચ્છી સાહિત્યકાર-પત્રકાર, 'વીસમી સદી' માસિકના તંત્રી હાજી મહંદ અલારખ્યા શિવજી (૧૮૭૮-૧૯૨૧) ની પુણ્ય શતાબ્દી, જ્યારે અબડાસાના ધારસભ્ય ખીમજી નાગજી પટેલ-લીંબાણી (૧૯૨૧-૯૬), બન્નીના અગ્રણી - ધોરડોના સરપંચ દાદા ગુલબેન મિંયાહુસેન મુતવા (૧૯૨૧-૯૯), મુંબઈ સ્થિત રાજકીય અગ્રણી-કચ્છી લોકકળાપ્રેમી કરસનદાસ વીરજી (કે.વી.) ઠક્કર (૧૯૨૧-૨૦૦૫), વાગડના સર્વોદય અગ્રણી મણિભાઈ ન્યાલચંદ સંઘવી (૧૯૨૧-૨૦૦૮), દિનારાના ગાંધવાદી અગ્રણી છગનલાલ નરોત્તમદાસ અમદાવાદી (૧૯૨૧-૨૦૧૦), ગાંધીધામ મૈત્રીમંડળના સંચાલક-કેલવણીકાર કૃષ્ણા કોડુમલ ભંભાણી (૧૯૨૧-૨૦૧૫)ની જન્મ શતાબ્દી મનાવાશે.

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિત્ર,
(પ્રેસ-પ્રૂફરીડીંગની મર્યાદા થકી ડીસે.ના અંકમાં રહી ગયેલી ક્ષતિઓને સુધારીને ફરી લખું છું. - વિશન)

કાને -મંતર વિગર જેં કચ્છી શબ્દ મેં અજ જો પાંજો મુકામ આય 'રત' ત કરીયૂં 'રત'. જી સોજાર!

(૧) રત પું = રક્ત, લોહી.

(વાક્ય) છોરે કે ટિપર મેં ધિરો લગો ને તૅરઈ રત વુડી નિકર્યો

કચ્છી ભાષા મૂર ત સંસ્કૃતજી ધી. ઈતરે સુભાવિક અયિ ક ઈનજે શબ્દેં જા મૂર સંસ્કૃતમેં વેં. 'રત' રકત મિંજા અવતર્યો આય, મેં કચ્છી જે સરલીકરણ પ્રમાણે વિચલો અર્ધાક્ષર 'ક' ઉડી વીની 'રત' સરજાણું.

(૨) રત પું. સંબંધ, સગપણ (વાકય) રત ઠિકર મેં તપે. (ચૉવક) અર્થાત્ કૌટુંબિક સંબંધ લોહીની સગાઈ તે લોહીની સગાઈ ગમે તેવો સંજોગોમાં ભાઈને ભાઈ પ્રત્યે લગાવ રહે જ !

(૩) અહિં એક શબ્દપ્રયોગ ખાસ યાદ કરવા જેવો છે ''અસીં ભતેં ભિરોં પણ રોં ન ભિરોં''. (અમે એકબીજાનું જમીએ પણ સગપણ - સંબંધ ન કરીએ).

રત મથે પાંજી બોલી મેં શબ્દપ્રયોગ, રૂઢિપ્રયોગ ને ચૉવકેં જા ઢિગ અઈં, તેં મિંજા ચુઢેલો હિકડો મોતી આય. ''રત રોડે 'ભત' કેણૂં આય'' (લોહી વહેવડાવી -પસીનો પાડી - મહેનત કરી ભત એટલે ભોજન -અનાજ પેદા કરવાનું છે. આ કહેવત ખાસ ખેતીવાડીના સંદર્ભે પ્રયોજાય છે. ખોડૂ માડૂ પરસેવો બહાવે તો જ ધાન નીપજે......

**- વિશન**

**કવિતા**

ઉનાળાની રજા જાણે બાળકોને જલસા,
શાળા ના થાકથી બે મહિના માટે રજા
છુટ્ટી દરમ્યાન દિવસ ભર મોજ મજા,
સવારથી સાંજ સુધી બસ નાચતા, રખડતા,
બધો બોજ ભુલી બસ પોતાની મસ્તી માં રચતા,
ક્રિકેટ, લખોટી, ફુટબોલ, ભવરા, સાંતાકુકડી તો રમાતા,
બપોરના પણ ઉંઘ ભુલી કોઈ એક ના ઘરે ભરાઈ જતા,
ભુખ પણ પોતાનું ઠેકાણું ભુલી ક્યાંક છુપાઈ રહેતા,
ઠંડા ગોલા અને રસના તો જાણે અમૃત જેવા લાગતા,
મામા માસી નાના ઘરે તો પાછા અચૂક પહોંચતા,
રાજકુમારની જેમ ત્યાં તો બિંદાસ રાજ કરતા,
હવે તો તે નિર્દોષ દિવસ પાછા ક્યારેય નથી આવવાના,
બસ યાદ કરી તે કિસ્સા આજે પણ મન ભરાઈ જતા.

**- કપીલ ગાલા**
માટુંગા (ઈ), મુંબઈ

*જ્યારે ભગવાન તમારી સમસ્યા*
*દૂર કરી આપે છે ત્યારે તમને*
*એમની ક્ષમતામાં વિશ્વાસ બેસે છે.*
*પણ જ્યારે એ તામરી સમસ્યા*
*દૂર ન કરે ત્યારે, ખાસ યાદ રાખજો*
*કે એમને તમારી ક્ષમતા પર વિશ્વાસ છે.*

**- સ્વામી વિવેકાનંદ**

## કેટલીય યાદ નીકળે

જીવનની કિતાબ ખોલું ને, કેટલીય યાદ નીકળે,
ને સ્મૃતિ ની વાટ શોધું ને, કેટલીય વાત નીકળે.

આ ઝંઝાવતી જીવને, કેટલીય હવે વેદના નીકળે,
ને નભ મહીં તારા ઝૂંડમાં, કેટલાય લય નીકળે.

આંચકા મહીં ગઢ કાંગરા ખરતાં હવે નીકળે,
ને પથ્થર ફાંફોસુને કેટલાય પોલા હવે નકળે.

હું ખોવાયો છું મિત્રમાં, તેની પહોંચ નીકળે,
હૃદયએ સ્મૃતિ આવતાં, હવે આંખે અશ્રુ નીકળે.

આ જીવન સફરનો આખરી અંજામ શું નીકળે ?
સ્મિત મહીં ''**દિલકુશ**'' રહુને, કઈક વિષ હવે નીકળે.

**- દિલીપ આચાર્ય, ''દિલકુશ''**
(ભુજ) મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮

## કર્મની કઠળાઈ

કદમ મુકતાં ત્યાંથી જાકારો આવ્યો
ન ક્યાંયથી મીઠો આવકાર આવ્યો
ન મલી ક્યાંય મિઠા જળની સરિતા
જ્યાં ગયા ત્યાં સમંદર ખારો આવ્યો
હતી એ ખુશી બધી વહેંચાઈ ગઈ
નશીબે અમારે ગમનો ભારો આવ્યો
જિગરમાં ઠેર ઠેર જખમો થઈ ગયા
જાણે કોઈની નજરમાંથી તીખારો આવ્યા
સૂની રાતમાં કોઈ ફરકયું નહીં પાસે
સાથે જાગવા બસ એક સિતારો આવ્યો
લાગે છે હશે કદાચ દર્દભરી દાસ્તાન
સિસકવાનો કોઈ ખૂણેથી સિસકારો આવ્યો

**- મણિલાલ ડી. રૂઘાણી**
રાણાવાવ

## -: હાઈકુ :-

*ખંડેર ખર્યું*
*પ્રાચિન વિચારમાં*
*કંઈ દટાયું !*

*સાચી ઘટના*
*દટાઈ ગઈ છે ને*
*નવા કુસુમે !*

*જીંદગી હવે*
*મુકાબણમાં વિતે*
*આભાસ છીને !*

**- દિલીપ આચાર્ય, ''દિલકુશ''**
(ભુજ) મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮

**રેતીમાં પડેલી ખાંડ**
**કીડી ઉપાડી શકે છે પણ હાથી નહી,**
**એટલા માટે નાના માણાને નાનો ના સમજો,**
**ક્યારેક ક્યારેક નાના માણસ પણ**
**મોટું કામ કરી જાય છે**

**પાણી, વાણી અને કમાણી**
**સાચવીને વાપરજો,**
**કારણકે ભવિષ્યમાંજો**
**આ ત્રણેય નહીં હોય તો,**
**ભવિષ્ય જ નહીં હોય.**

# कर्मोकी करामात

समज बाहरकी बावाकी, बहार से ली समज
ज्ञानी ध्यानी सबका एकही कहेना, यह सब कर्मोकी करामात

**प्रश्न -१** एक स्थान-समय-काल, जन्मे थे दो बाल
आज, एक सोने की चमच से खाये,
दुसरा आधा भुखा, फुटपाथ पे सो जावे...
ऐसा कयो? **जवाब - कर्मो की करामात**

**प्रश्न -२** बचपन के दो दोस्त, साथ मे खेले, साथ मे पंढे
पढकर किया, अपना - अपना कारोबार
आज एक एसी मे है बेठा, लेकर इझी चेयर
दुसरा कडी धूपमें ठेला लेके फिरे गली गली खुले पैर
ऐसा कयो? **जवाब - कर्मो की करामात**

**प्रश्न -३** बाबुल की दोनों बेटीयाथी स्यानी और सादी
वय होने पर हो गई दोनो की शादी, एक को मिला
मालोसुमार ससुराल, खुद को लग गई पिकनीक पार्टीमें गुची
दुसरी सारे घरका बोझ उठाये, कामसे रात तक न आये उंची
ऐसा कयो? **जवाब - कर्मो की करामात**

**प्रश्न -४** भोली-भाली विधवामाने, बडी होंस से की बेटेकी शादी
कम भागसे बहु मीली, बडी हरामजादी, सासको रोज कहे
तुं मेरे साथा झगड या रखदे कोई झगडने वाली
ऐसा कयो? **जवाब - कर्मो की करामात**

**प्रश्न -५** बिरजु था बहोत काला, मांड मांड मिला मोका पहनने को वरमाला
दुल्हन मिली, चंद्रमुखीसी, अंधेरे कमेरे से हो गया उजीयारा
ऐसा कयो? **जवाब - कर्मो की करामात**

**सारांश** करामात कोई असुभ कर्म, कर्म को किसकी नहीं शरन
कर्म मारे आडी पट्टी अंक, बचनाशके राजा हो या रंक
किया करतब अयोध्यामे, कर्मने वहां जगाय बवंडर
सुबह राजगादी पे बेठने वाले, वन की वाट चले रामचंदर....
ऐसा कयो? **जवाब - कर्मो की करामात**

**- शांतीलाल सरजी गाला - वडाला (कच्छ) भांडूप)**
**फोन : २५६६५१८४**

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
# આયોજીત
# નવનીત એજ્યુકેશન લીમીટેડ
# પુરયોજીત
# 'નવનીત કપ' કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૯-૨૦

છેલ્લા ૩૪ વર્ષથી નિયમીત પણે રમાતી 'નવનીત કપ' કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટએ આ વર્ષે ૩૫માં વર્ષમાં પ્રવેશ કરેલ છે.

## - ❂ જનરલ ગ્રુપ ❂ -

છેલ્લા ૬ વર્ષથી આ ટુર્નામેન્ટનો જનરલ ગ્રુપ ચાર ગ્રુપ (A B C D) માં લીગ રાઉન્ડથી રમાય છે. આ વર્ષે આ ગ્રુપમાં (૧) યુવાશક્તિ, (૨) યુવાશક્તિ -A, (૩) યુવામન, (૪) યુવામન કલબ, (૫) યંગ ચેલેન્જર્સ, (૬) વાંકી, (૭) વિલેપાર્લે ક.વિ.ઓ. (૮) એલીસ યુનાઈટેડ વોરીઅર્સ, (૯) હિંદમાતા, (૧૦) રોયલ ડાયમંડ શક્તિ જુની, (૧૧) રોયલ ડાયમંડ શક્તિ, (૧૨) લીડ, (૧૩) લીડ-A, (૧૪) સાંગલી ક.વિ.ઓ. (૧૫) ડોંબીવલી ક.વિ.ઓ. જુની, (૧૬) ડોંબીવલી ક.વિ.ઓ. સીનીયર, (૧૭) યંગ એન્ડેવર્સ, (૧૮) યંગ એન્ડેવર્સ A (૧૯) અંતરા એસીસી A, (૨૦) અંતરા એસીસ, (૨૧) સુયશ M.C.C., (૨૨) C.M.C.C., (૨૩) દેવપુર, (૨૪) દેવપુર રાઈઝર, (૨૫) Y.M.C.C.(A), (૨૬) Y.M.C.C.(B), (૨૭) Y.M.C.C.(C), (૨૮) બાડા, (૨૯) વિકાસ - મુલુંડ ક.વિ.ઓ. (૩૦) વિકાસ - મુલુંડ ક.વિ.ઓ. A (૩૧) નીરવ રાઈટ રાઈડર (૩૨) રાઈઝર રેડ, (૩૩) શેરડી, (૩૪) ભુજપુર સ્પોર્ટ્સ ક્લબ, (૩૫) ભુજપુર S.C. (A) (૩૬) YMCC એમ કુલ ૩૬ ટીમોએ ભાગ લીધેલ જેનો ડ્રો તા. ૯ નવેમ્બર, ૨૦૧૯ના રોજ કાર્યાલ ખાતે કરવામાં આવેલ

- ✤ ક્વાલીફાઈગ રાઉન્ડની મેચો તા. ૧૫ થી ૨૧ નવેમ્બર દરમ્યાન
- ✤ પ્રથમ લીગ રાઉન્ડની મેચો ૨૧ થી ૨૮ નવેમ્બર દરમ્યાન
- ✤ બીજા લીગ રાઉન્ડની મેચો ૨૨ થી ૩૦ નવેમ્બર દરમ્યાન
- ✤ ત્રીજા લીગ રાઉન્ડની મેચો ૫ થી ૧૨ડિસેમ્બર દરમ્યાન
- ✤ સેમીફાઈનલ રાઉન્ડની મેચો ૧૮ થી ૨૪ ડિસેમ્બર દરમ્યાન દાદર-માટુંગા ગ્રાઉન્ડ પીચો પર યોજાઈ

✤ જનરલ ગ્રુપ - સેમીફાઈનલનાં પરિણામો ✤

**ગ્રુપ-(A)** (૧) અંતરા એસીસ (૬૮), જુગલ રાંભીયા - ૨૮, રાજન ગડા - ૩/૧૪, પ્રિયાંક વિરા -૩ /૧૬, સામે યુવા શક્તિ સીસી. (૬૯/૨) અક્ષય ગાલા -૨૨, યુવા શકિતનો ૮ વિકેટથી વિજય, MOM રાજન ગડા - યુવા શકિત,

(૨) (૧૬૩/૧૦) અમીત શાહ-૪૩, મનિષ છેડા- ૪/૩૫, સામે ભુજપુર એસ.સી. (૨૧૫/૮) તુષાર ગોગરી - ૬૯, દિશાંત દેઢિયા-૩૫, મેહુલ વિરા - ૩/૨૩, ભુજપુરનો ૫૨ ૫૨નથી વિજય, MOM તુષાર ગોગરી, ભુજપુર એસ.સી.

**ગ્રુપ-(B)** (૧) યુવા શક્તિ જુની (૧૬૪/૧૦) નિરવ છેડા ૩૫, યશ હરિયા -૩/૨૧ સામે દેવપુર સી.સી. (૨૧૫/૮) દિપક સંગોઈ -૫૨, હર્ષ ગાલા-૪૭, દેવપુર સી.સી. નો ૫૧ રનથી વિજય MOM યશ હરિયા - દેવપુર સી.સી. (૨) લીડ સી.સી. (૯૦/૧૦), આશિષ વોરા–૨૮, અંકિત ધરોડ ૩/૧૧, સામે યુવા મન એસ.સી. (૧૭૩/૧૦), વિનીત કારાણી -૫૯, કેવલ છેડા -૩/૨૦, યુવામનનો ૮૩ રનથી વિજય, MOM વિનીત કારાણી-યુવામન એસ.સી.

**ગ્રુપ-(C)** (૧) અંતરા એસીસ (જુની) (૧૨૫/૧૦) શીવમ-૨૦, સમક્તિ સાવલા - ૩/૧૩ સામે વિલેપાર્લા ક.વિ.ઓ. (૧૨૬/૭) ચિરાગ -૨૩, કરન શાહ - ૨૨, અર્શીત ગોગરી - ૩/૨૮, વિલેપાર્લા ક.વિ.ઓ. નો ૩ વિકેટથી વિજય, MOM સમક્તિ સાવલા - વિલેપાર્લા ક.વિ.ઓ. (૨) એલીસ યુનાઈટેડ વોરીયર્સ (૧૧૮/૧૦) હિતેશ ગંગર-૬૮, હર્ષ મામણીયા-૨૯, વિનેશ ગાલા-૪/૩૧, વિરલ ગાલા - ૩/૩૪ સામે યંગ ચેલેન્જર્સ (૭૪/૧૦) , ચિંતન સાલીયા-૨૦, હિતેશ નાગડા-૫/૧૦, એલીસ યુનાઈટેડ વોરીયર્સનો ૧૧૪ રનથી વિજય, MOM હિતેશ નાગડા - એલીસ યુનાઈટેડ વોરીયર્સ

**ગ્રુપ-(D)** (૧) YMCC-B (૨૩૪/૯) અનીષ શાહ-૮૮, ચિંતન પાસડ-૩૨, હાર્દિક ધરોડ-૩/૪૮ સામે સુયેશ M.C.C. (૨૩૬/૭) હેનીલ ગડા - ૧૦૫, સ્મિત ગડા-૬૬, સુયેશ M.C.C. નો ૩ વિકેટથી વિજય MOM હેનીલ ગડા-સુયેશ MCC (૨) યુવામન (એ) (૭૫-૧૦) મનન શેઠીયા-૨૨, મોનીલ પાસડ ૩/૩, વિજય ગડા ૩/૨૪ સામે ડોંબીવલી ક.વિ.ઓ. જુની ૭૭/૬, ચિરાગ હરીયા-૧૭, પ્રિયેશ કેનીયા-૨/૧૨. ડોંબીવલી ક.વિ.ઓ. જુની નો ૪ વિકેટથી વિજય, MOM મોનીલ પાસડ-ડોંબીવલી ક.વિ.ઓ. જુની.

## ✤ જનરલ ગ્રુપ - ફાઈનલનાં પરિણામો ✤

### A ડિવિઝન

તા.૩ જાન્યુઆરી ૨૦૨૦નો રોજ MIG ક્રિકેટ કલબ બ્રાન્દ્રા ખાતે યોજાઈ

- યુવા શક્તિ સી.સી. - ૧૭૫/૧૦ - અક્ષય ગાલા ૫૦, કેનિલ સાવલા–૩૦, ધિરેન દેઢિયા-૨/૧૯, વિરેન દેઢિયા-૨/૨૮, તુષાર ગાલા ૨/૧૦
- ભુજપુર એસ.સી. - ૧૬૧/૧૦ - વિરેન દેઢિયા-૫૧, કેતન છેડા૩/૩૫, કેનિલ સાવલા ૩/૨૨
- યુવા શક્તિનો ૧૪ રનથી વિજય
- મેન ઓફ ધ મેચ - વિરેન દેઢિયા - ભુજપુર એસ.સી.
- બેસ્ટ બેટસમેન - મીત શેઠીયા (વડાલા)
- બેસ્ટ બોલર - રાજન ગડા (ગઢશીશા)
- મેન ઓફ ધી સીરીઝ - ભાવીન ગાલા (ભુજપુર)

### B ડિવિઝન

તા.૨૫ ડિસેમ્બર ૨૦૧૯નો રોજ DPC ગ્રાઉન્ડ દાદર-માટુંગા ખાતે યોજાઈ

- યુવામન એસ.સી.-૧૮૩/૧૦ - ચીરાગ મોતા-૩૭, ધવલ છેડા ૩/૩૫, સંદેશ ગાલા ૩/૪૨
- દેવપુર સી.સી. - ૧૮૩/૧૦ - જીગર ગાલા ૨૯, યશ હરિયા ૨૮, મેહુલ છેડા ૩/૨૦
- પરિણામ ટાઈ - સુપર ઓવરમાં યુવામનનો વિજય
- મેન ઓફ ધ મેચ - સંદેશ ગાલા (દેવપુર સી.સી.)
- બેસ્ટ બેટસમેન - ઉમંગ સાવલા (YMCC-A-તુંબડી)
- મેન ઓફ ધી સીરીઝ - યશ હરીયા (દેવપુર સી.સી.)

### C ડિવિઝન

તા.૨ જાન્યુઆરીનો રોજ DPC ગ્રાઉન્ડ દાદર-માટુંગા ખાતે યોજાઈ

- એલીસ યુનાઈટેડ વોરીયર્સ -૧૪૩/૧૦, હિતેશ નાગડા-૪૧, હિતેશ ગંગર ૨૭, સમક્તિ સાવલા ૩/૧૬,
- વિલેપાર્લે ક.વિ.ઓ. - ૧૪૫/૭ - મીતેશ શાહ ૪૮, કરણ ગંગર ૩૫, હિતેશ નાગડા ૨/૨૦,
- વિલેપાર્લે ક.વિ.ઓનો ૩ વિકેટથી વિજય
- મેન ઓફ ધ મેચ - હિતેશ નાગડા (એલીસ યુ.વો.)
- બેસ્ટ બેટસમેન - હિતેશ ગંગર ( ગોધરા)
- બેસ્ટ બોલર - સમક્તિ સાવલા (બેરાજા)
- મેન ઓફ ધી સીરીઝ - હિતેશ નાગડા (મોટી ઉનડોઠ)

### C ડિવિઝન

તા.૨ જાન્યુઆરીનો રોજ DPC ગ્રાઉન્ડ દાદર-માટુંગા ખાતે યોજાઈ

- સુયસ MCC -૧૧૭/૧૦, જય છેડા ૫૬, મનોજ પાસડ ૪/૨૫, કેતન દેઢિયા ૩/૮
- ડોંબીવલી ક.વિ.ઓ. (જુનીયર) ૧૧૮-૪, મનોજ પાસડ ૩૧, તીર્થ ગાલા ૨૮, માલવ શાહ ૨/૧૪,
- ડોંબીવલી ક.વિ.ઓ. જુનીયર નો ૬ વિકેટથી વિજય
- મેન ઓફ ધ મેચ - મનોજ પાસડ (ડોંબીવલી ક.વિ.ઓ. જુની.)
- બેસ્ટ બેટસમેન - હેનીલ ગડા (પ્રાગપુર)
- બેસ્ટ બોલર - મનન છેડા (પુનડી)
- મેન ઓફ ધી સીરીઝ - અનીષ શાહ (કપાયા)

## - ❁ ગામ ગ્રુપ ❁ -

આ વર્ષે ગામ ગ્રુપમાં (૧) ડોણ (૨) કોડાય (૩) ફરાદી (૪) દેશલપુર (૫) લુણી (૬) પત્રી (૭) રતાડીયા ગણેશવાલા (૮) કોડાય (૯) સમાઘોઘા (૧૦) નાગરલપુર (૧૧) કાંડાગરા (૧૨) લાખાપપર (૧૩) દુર્ગાપુર (૧૪) ગુંદાલા (૧૫) રામાણીયા (૧૬) તલવાણા (૧૭) મોટી ઉનડોઠ (૧૮) ડુમરા (૧૯) વાંકી (૨૦) બેરાજા (૨૧) નાની તુંબડી (૨૨) ભુજપુર જ્યોતી જાયન્ટ (૨૩) ભુજપુર જ્યોતી જાયન્ટસ સીની (૨૪) SPM પુનડી (૨૫) દેવપુર (૨૬) દેવપુર (૨૭) લાયજા (૨૮) ગોધરા (૨૯) નાની ખાખર (૩૦) શેરડી (૩૧) વડાલા (૩૨) કોટડા (રોહા) (૩૩) નાના ભાડિયા (૩૪) બિદડા

(૩૫) નવીનાર (૩૬) બાડા (A) (૩૭) બાડા (B) (૩૮) કારઘોઘા (૩૯) ગઢશીશા (૪૦) કોટડી મહાદેવપુરી (૪૧) હાલાપુર (૪૨) ભોજાય એમ કુલ ૪૨ ટીમોએ ભાગ લીધેલ. જેનો ડ્રો તા. ૨૧ ડિસેમ્બરના રોડ કાર્યાલય ખાતે યોજાયેલ

- ✤ ક્વાલીફાઈગ રાઉન્ડની મેચો તા. ૬ જાન્યુઆરી થી ૧૧ જાન્યુઆરી દરમ્યાન
- ✤ પ્રથમ લીગ રાઉન્ડની મેચો ૧૩ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન
- ✤ બીજા લીગ રાઉન્ડની મેચો ૨૨ થી ૩૦ નવેમ્બર દરમ્યાન
- ✤ પ્રી ક્વાટર રાઉન્ડની મેચો ૪ ફેબ્રુઆરી થી ૧૦ ફેબ્રુઆરી દરમ્યાન
- ✤ ક્વાટર ફાઈનલ રાઉન્ડની મેચો ૧૨ ફેબ્રુઆરી થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન દાદર - માટુંગા ગ્રાઉન્ડ પીચો પર યોજાઈ

સેમી ફાઈનલની મેચ તા.૧૯ અને ૨૦ ફેબ્રુઆરી ના રોજ DPC ગ્રાઉન્ડ માટુંગા ખાતે યોજાઈ

- ●ભુજપુર - ૩૨૩/૫, દિશાંત દેઢિયા -૧૦૫, મનિષ છેડા-૫૦, ધિરેન દેઢિયા -૪૪, તુષાર ગોગરી-૪૧, વૈભવ દેઢિયા-૩૪, મીત-૪૮/૩

- ●મોટી ઉનડોઠ - ૧૬૧, જુગલ રાંભીયા-૪૨, અક્ષત ગાલા-૩૧, ભાવિન ગાલા-૪૮/૩,
- ●ભુજપુરનો ૧૬૨ રનથી વિજય, મેન ઓફ ધી મેચ - દિશાંત દેઢિયા (ભુજપુર એસ.સી.)
- ●બિદડા- ૨૬૩/૭, નિશાંત ગોગરી -૧૦૪, કુંજ વોરા-૯૫, આકાશ શાહ - ૪૮/૨
- ●ફરાદી-૧૪૯, વિશાલ મારૂ -૨૫, કરન વીરા-૨૫, કુંજ વોરા-૧૭/૫
- ●બિદડાનો ૧૧૪ રનથી વિજય, મેન ઓફ ધી મેચ - કુંજ વોરા બિદડા)

## ગામ ગ્રુપની ફાઈનલ મેચ

તા. ૪ માર્ચ ૨૦૨૦ નાં રોજ શઘઉ ગ્રાઉન્ડ બાંદરા (ઈ) ખાતે યોજાઈ. જેમાં ભુજપુર બિદડા વચ્ચે રમાયેલ મેચની શરૂઆતમાં ટોસ નવનીત પરિવારના શ્રી અનીલભાઈ ગાલાના હસ્તે ઉછાળવામાં આવેલ.

- ●ભુજપુર– ૧૪૨/૯, વિરેન દેઢિયા-૫૨, દિશાંત દેઢિયા-૨૮, વિરેશ શાહ ૩૭/૪,
- ●બિદડા-૧૪૩/૫, યશ છેડા ૪૨, નીરવ છેડા ૩૦, મનિષ છેડા-૨૪/૨
- ●બિદડાનો ૫ વિકેટથી વિજય,
- ●મેન ઓફ ધ ફાઈનલ - વિરેન દેઢિયા (ભુજપુર)
- ●મેન ઓફ ધી સીરીઝ - કુંજ વોરા (બિદડા)
- ●બેસ્ટ બેટસમેન - દિશાંત દેઢિયા (ભુજપુર)
- ●બેસ્ટ બોલર - વિરેશ શાહ (બિદડા)

સર્વેને અભિનંદન

**મેચ બાદ નવનીત પરિવારના શ્રી બીપીનભાઈ ગાલાના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.**

## - ❂ LEGEND CUP ❂ -

શ્રી ક.વિ.ઓ સેવા સમાજ આયોજીત ''નવનીત કપ'' કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટની 'લેઝન્ડ કપ'ની ટુર્નામેન્ટમાં ૫૦ વર્ષથી ઉપરની વયની કુલ ૧૫૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ જેનો ઓક્સન રાઉન્ડ ૪ જાન્યુઆરીના રોજ કરવામાં આવેલ આ ટુર્નામેન્ટ માટે (૧) હરેશ હેરીકન (૨) મહેન્દ્ર કે મહારથી (૩) રજની રાઈઝર (૪) રાજુ રોયલ (૫) રોહિત રોયલ્સ (૬) ભુપેન્દ્ર બ્લાસ્ટર્સ (૭) અરવિંદ અવેંજર્સ (૮) કમલેશ કે ફાઈટર્સ (૯) ભરત બટાલીયન્સ (૧૦) હેકડી હિટર્સ એમ કુલ ૧૦ ટીમ બનાવવામાં આવેલ જેની ટુર્નામેન્ટ તા. ૨૫ અને ૨૮ ફેબ્રુઆરીનાં રોજ માટુંગા ખાતે રમાડવામાં આવેલ. ફાઈનલ મેચ તા. ૮ માર્ચનાં રોજ માટુંગા જીમખાના ખાતે પ્લેટ અને એલાઈટ એમ બે ગ્રુપમાં રમાડવામાં આવેલ.

### પ્લેટ ગ્રુપ

- હરેશ હેરીકન -૭૩, મુકેશ ગડા (બાડા) ૧૮, મહેન્દ્ર દેઢિયા (ભુજપુર) ૧૪/૪
- મહેન્દ્ર કે મહારથી - ૭૪ મનોજ પાસડ ( કોટડા (રોહા) ૨૬, હસમુખ ગંગર (ટુંડા) ૧૯,
- મહેન્દ્ર કે મહારથી ન ો૯ વિકેટથી વિજય
- મેન ઓફ ધ ફાઈનલ - મહેન્દ્ર દેઢિયા (ભુજપુર)
- મેન ઓફ ધ સીરીઝ - મહેન્દ્ર દેઢિયા (ભુજપુર)
- બેસ્ટ બેટ્સમેન - મનોજ પાસડ (કોટડા (રોહા))
- બેસ્ટ બોલર - વસંત ગાલા (છસરા)

### એલાઈટ ગ્રુપ

- રાજુ રોયલ્સ - ૧૦૦ - જીતેન્દ્ર દેઢિયા (મોખા) ૨૬, કેતન વિકમ (મોટી ખાખર) ૨૯/૩
- કમલેશ કે ફાઈટર - ૧૦૦ - ગ્રીમ ગાલા (છસરા) -૨૦, જીતેન્દ્ર દેઢિયા (મોખા) ૧૪/૧
- મેચ થઈ સુપર ઓવરમાં રાજુ રોયલનો વિજય
- મેન ઓફ ધ ફાઈનલ - જીતેન્દ્ર દેઢિયા (મોખા)
- મેન ઓફ ધ સીરીઝ - જીતેન્દ્ર દેઢિયા (મોખા)
- બેસ્ટ બેટ્સમેન - પિયુષ સાવલા (વાંકી)
- બેસ્ટ બોલર - કેતન વિકમ (મોટી ખાખર)

સર્વેને અભીનંદન

## - ❂ લેડીઝ ક્રિકેટ ટુર્નામેન્ટ ❂ -

શ્રી ક.વિ.ઓ સેવા સમાજ આયોજીત ''નવનીત કપ'' લેડિઝ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન આ વર્ષે તા. ૧૯ અને ૨૦ ડિસેમ્બરના રોજ ખાલસા કોલેજ માટુંગા (સે.રે.) ખાતે કરવામાં આવેલ જેમા (૧) યુવામન (૨) ફેબ્યુલસ ફાઈટર (૩) ટ્રાન્સફોર્મ (૪) પુનડી (૫) વિકાસ રાઈઝીંગ સ્ટાકર્સ એમ કુલ ૬ ટીમોએ ભાગ લી ધેલ

- વિજેતા ટીમ - ટ્રાન્સફોર્મ
- ઉપવિજેતા ટીમ - યુવામન
- વુમન ઓફ ધ સીરીઝ - રૂતુ શાહ (નાંગલપુર)
- બેસ્ટ બેટ્સવુમન -ધ્વની સાવલા (ગુંદાલા)
- બેસ્ટ બોલર - ડિમ્પલ ગાલા/સંગોઈ (લાખાપુર)

સર્વેને અભિનંદન

## - ❂ T-20 (ગામ ગ્રુપ) ❂ -

શ્રી. ક.વિ.ઓ. સેવા સમાજનાં ૭૦ વર્ષ પૂર્ણ થયાના માનમાં આ વર્ષે શરૂ થયેલ સેલીબ્રેશન કપ (ગામ ગ્રુપમાં આ વર્ષે (૧) ડોણ (૨) રામાણીયા (૩) સમાઘોઘા (૪) ફરાદી (૫) ડુમરા (૬) ગુંદાલા (૭) દેશલપુર (૮) કોડાય (૯) મોટી ઉનડોઠ (૧૦) નાના ભાડિયા (૧૧) બેરાજા (૧૨) ગોધરો (૧૩) વાંકી (૧૪) મોટી ખાખર (૧૫) ભુજપુર જ્યોતી જાયન્ટસ (૧૬) બાડા (૧૭) નરેડી (૧૮) મેરાઉ (૧૯) કારાઘોઘા (૨૦) તલવાણા (૨૧) ભોજાય (૨૨) દુર્ગાપુર (૨૩) લાયજા (૨૪) વડાલા (૨૫) નાંગલપુર (૨૬) ગઢશીશા (૨૭) બારોઈ (૨૮) SPM પુનડી (૨૯) બિદડા (૩૦) નવીનાર (૩૧) દેવપુર (૩૨) નાની ખાખર (૩૩) રતાડીયા ગણેશવાલા (૩૪) કોટડી મહાદેવપુરી (૩૫) સાડાઉ (૩૬) શેરડી (૩૭) નાની તુંબડી (૩૮) કોટડા (રોહા) (૩૯) નાના આસંબીયા (૪૦) પ્રાગપુર (૪૧) પત્રી એમ કુલ ૪૧ ટીમોએ ભાગ લીધેલ જેનો ડ્રો તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ માટુંગા ખાતે કરવામાં આવેલ.

પ્રથમ રાઉન્ડની મેચો તા. ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ દાદર માટુંગા ગ્રાઉન્ડની પીચો પર

પ્રી કવાટર રાઉન્ડ ની મેચો તા. ૧૦ થી ૧૩ માર્ચ ૨૦૧૯ના રોજ અને ક્વાટર ફાઈનલ રાઉન્ડની મેચ. ૧૬ માર્ચ ૨૦૧૯ અને લોકડાઉનના કારણે અધુરી રહેલ બીજી મેચો તા. ૨૩ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ યોજાઈ.

**સેમી ફાઈનલ : તા. ૨૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ યોજાઈ.**

**૧) ભુજપુર સામે પત્રી**

- ભુજપુર - ૧૭૯/૪, ભાવિન ગાલા ૯૧, રોનીલ ગોગરી ૨/૨૨
- પત્રી - ૧૯/૧૦, જીનય દેઢિયા ૨/૧, વિરેન દેઢિયા - ૨/૭, મનીષ છેડા - ૨/૫
- ભુજપુરનો ૧૬૦ રનથી વિજય, મેન ઓફ ધી મેચ - ભાવિન ગાલા - ભુજપુર

**૨) બિદડા સામે નાની તુંબડી**

- **બિદડા** - ૧૧૨/૧૦, વિનિત દેઢિયા ૩૭, કુંજ વોરા ૩૦, જીતુ ખુથીયા ૩/૨૬, જીગર બૌઆ ૨/૨૧
- નાની તુંબડી - ૧૧૩/૭, આશિષ બૌઆ ૫૦, ચીંતન સાવલા ૨૫, વિશેષ શાહ ૨/૧૧, વિરલ છેડા ૨/૩૪,
- નાની તુંબડીનો ૩ વિકેટથી વિજય, મેન ઓફ ધ મેચ - આશીષ બૌઆ (નાની તુંબડી)

## ગામ ગ્રુપ T-20ની ફાઈનલ મેચ

તા. ૮ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ખાલસા કોલેજ માટુંગા સે.રે. ખાતે યોજાઈ.

- ભુજપુર– ૧૩૯/૧૦, વિજય દેઢિયા ૨૮, ભાવિન ગાલા ૨૨, તુષાર ગોગરી ૨૩, જીગર બૌઆ ૩/૨૧, જીતુ ખુથીયા ૨/૧૪
- નાની તુંબડી - ૧૪૦/૫, જીગર બૌઆ - ૪૫, કમલ સાવલા-૩૪, પ્રતિક બૌઆ - ૨૪, મનિષ છેડા-૨/૧૭

● નાની તુંબડીનો ૫ વિકેટથી વિજય,

● મેન ઓફ ધ ફાઈનલ - જીગર બૌઆ (નાનીતુંબડી)

● મેન ઓફ ધી સીરીઝ - કાર્તિક સાવલા (બેરાજા)

● બેસ્ટ બેટસમેન - ભાવિન ગાલા (ભુજપુર)

● બેસ્ટ બોલર - નિતુલ શાહ (લાયજા)

સર્વેને અભિનંદન -

નવનીત કપમાં ઈનામ વિતરણ સમારંભમાં હાજર રહી સર્વેને પ્રોત્સાહિત કરનાર શ્રી બિપીનભાઈ ગાલા અને સમયે સમય માર્ગદર્શન આપનાર શ્રી અનિલભાઈ ગાલા અને શ્રી સુનિલભાઈ ગાલાનો હૃદયપૂર્વક આભાર.

માનનીય શ્રી અમરચંદભાઈ અને શ્રી ડુંગરશીભાઈની દીર્ઘદ્રષ્ટિની અભિવંદના

**આભાર આપ સૌનો**

સમગ્ર ભારત વર્ષ કોવિડના કારણે સ્તબ્ધ થઈ સુશુપ્ત થઈ ગયું હતું ત્યારે આવી પરિસ્થિતિમાંથી સમાજને બહાર લાવી જ્ઞાતિજનોમાં ચેતનાનો સંચાર કરવા

અધુરી રહેલ ટુર્નામેન્ટને પૂર્ણ કરવા સહમતી આપનાર 'નવનીત એજ્યુકેશન લિમીટેડ' (રાયણ-દાદર)ના સંચાલકો એવા આપણા પ્રાયોજકોનો.

ચારેય ગામના ક્રિકેટવીરો અને સમગ્ર ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સર્વે ક્રિકેટ વીરોનો, પ્રોત્સાહિત કરનાર સર્વે પ્રેક્ષકોનો.

આ ફાઈનલ મેચને ઉપર નિહાળનાર ૧૦૦૦ થી વધારે જ્ઞાતિજનોનો.

સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર સર્વેનો.



# સાંત્વન

## અવસાન નોંધ

(તા. ૧૬ માર્ચ ૨૦૨૦ થી તા. ૬ મે ૨૦૨૦)

**ચક્ષુદાન : ✿ દેહ /ત્વાચા દાન : ❂ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી.

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શાંતીલાલ લાલજી નેણશી નાગડા | ૭૭ | કોડાય | ડોંબિવલી |
| કલ્યાણજી તેજશી દેવશી ગંગર | ૮૬ | નાંગલપુર | કાંદિવલી |
| મંજુલાબેન માલશી જીવરાજ ધરોડ | ૮૩ | મોખા | ડોંબિવલી |
| ટોકરશી ઘેલા જીવરાજ છેડા | ૯૨ | દેઢિયા | ડોંબિવલી |
| શામજી મેઘજી કોરશી વોરા | ૭૮ | મોટી ખાખર | બોરીવલી |
| કસ્તુરબેન કલ્યાણજી શીવજી છેડા | ૮૨ | બોરાઈ | ડોંબિવલી |
| નાનબાઈ હીરજી રતનશી છેડા | ૮૬ | કાંડાગરા | બોરીવલી |
| કિશોર મેઘજી લખમશી ગંગર | ૫૩ | પુનડી | બોરીવલી |
| અ.સો. ચંચળબેન મહેન્દ્ર લાલજી ગાલા | ૬૬ | નાનાભાડિયા | વાપી |
| મહેન્દ્ર કેશવજી શામજી ગાલા | ૬૯ | છસરા | ભાંઈદર |
| વિમળાબેન પુનશી વીરજી મારૂ | ૭૪ | ચીઆસર | ઘાટકોપર |
| મા. પાનબાઈ હીરજી મોનજી દેઢિયા | ૯૩ | બિદડા | ઘાટકોપર |
| મા. નાનબાઈ વસનજી કાનજી નિસર | ૯૫ | વડાલા | બોરીવલી |
| લક્ષ્મીચંદ જેઠાલાલ ધરમશી દેઢિયા | ૭૧ | મેરાઉ | નાલાસોપારા |
| મણીલાલ ખીમજી હેમરાજ છેડા | ૭૪ | કુંદરોડી | અલ્ટામાઉન્ટ |
| હંસાબેન તલકશી કરમશી નંદુ | ૮૧ | બિદડા | બોરીવલી |
| પાનબાઈ ખીમજી કુંવરજી દેઢિયા | ૮૩ | ગોધરા | મઝગામ |
| મા. રતનબેન સુંદરજી લાલજી સાવલા | ૯૬ | ગુંદાલા | મુંલુંડ (ઉ.૧૨) |
| મા. સોનબાઈ જેઠાલાલ નરશી શેઠીયા | ૯૯ | ભુજપુર | અંધેરી |
| કસ્તુરબેન ધરમશી રતનશી શાહ/સાવલા | ૮૧ | મો. આસંબીયા | વાલકેશ્વર |
| જેતબાઈ હંસરાજ મુરજી રાંભીયા | ૮૬ | ગોધરા | કલ્યાણ |
| કું. હીનાબેન વશનજી લધુ શેઠીયા | ૫૬ | વડાલા | અંધેરી |
| જેઠાલાલ દેવજી ભાણજી સાલીયા | ૬૬ | ગોધરા | જોગેશ્વરી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| જેઠાલાલ દેવશી પદમશી ગડા | ૭૦ | રાયણ | વિલેપાર્લે |
| અ.સૌ. રતનબેન પોપટલાલ ટોકરશી ગાલા | ૮૦ | નવાવાસ | ગોરેગામ |
| મા. ચંપાબેન સુરશી શીવજી શાહ | ૯૦ | નાંગલપુર | કાંદીવલી |
| લક્ષ્મીબેન ચાંપશી મેઘજી ફુરીઆ | ૯૧ | ભચાઉ | વડાલા |
| દેવકાંબેન જેઠાલાલ વજપાર ગાલા | ૯૪ | બિદડા | ડોંબિવલી |
| રતનબેન ભવાનજી હીરજી વોરા | ૯૫ | નારાણપુર | નરેડી |
| વનીતા તલકશી કાનજી હરીયા | ૫૯ | બાડા | મલાડ |
| પ્રેમજી વેલજી ધારશી ગાલા | ૮૬ | વડાલા | માહિમ |
| મુલચંદ કાનજી પાસુ ગાલા | ૬૪ | મો.આસંબિયા | વિદ્યાવિહાર |
| શામજી કુંવરજી સાવલા | ૭૯ | લાયજા | જોગેશ્વરી |
| વલ્લભજી શીવજી નાગજી ગડા | ૮૮ | રાયધણજાર | મુલુંડ |
| મા. મણીબેન હીરજી પ્રેમજી હેણિયા | ૭૮ | ભુજપુર | ભુજપુર (ઉ. ૩૯) |
| પ્રેમજી વેલજી હરીયા | ૮૫ | દેવપુર | મુલુંડ |
| ઝવેરબેન વશનજી ગાંગજી ગાલા | ૭૫ | વડાલા (ઉ.૩) | નાલાસોપારા |
| પ્રેમજી ઝવેરીલાલ લાલજી ગડા | ૭૫ | બિદડા | મીરા રોડ |
| અ.સૌ. મણીબેન છગનલાલ ધનજી લાલન | ૭૬ | કોડાય | શીવરી |
| રામજી મુરજી કરમશી સોની | ૭૩ | લુણી | અંધેરી |
| જાદવજી ગાંગજી વેલજી ભેદા | ૮૪ | બેરાજા | વિરાર |
| હેમંતભાઈ જવેરીલાલ શીવજી છેડા | ૬૭ | મો.આસંબિયા | કોપરખૈરણા |
| પોપટલાલ લખમશી પુનશી લાલન | ૭૬ | કોડાય | એલ્ફીસ્ટન |
| મહેશ પાસુભાઈ શીવજી શાહ/નાગડા | ૬૫ | નરેડી | પાલઘર |
| તારા તલકશી વિજપાર ગાલા | ૭૮ | મો. ખાખર | જુહુ |
| શાંતીલાલ શામજી કાનજી દેઢિયા | ૮૦ | ભોરારા | સાંતાક્રુઝ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કેશવજી રાયશી વિસરીયા | ૮૨ | કોટડા રોહા | ભાડુંપ |
| પલ્લવી ડુંગરશી રાયશી | ૫૮ | સમાઘોઘા | અમદાવાદ |
| જયંતીલાલ કુંવરજી કાનજી છેડા | ૭૭ | ભચાઉ | ફોર્ટ |
| કલ્યાણજી મોરારજી હેમરાજ છાડવા | ૮૩ | મો. ખાખર | મુલુંડ |
| વિશનજી લખમશી હરશી છેડા | ૮૮ | મોટા લાયજા | ડોંબિવલી |
| અમૃતલાલ વીરજી પાંચા સાવલા | ૮૩ | ફરાદી | સાયન |
| મધુબેન મુલચંદ નેણશી માલદે | ૫૮ | સાડાઉ | ભાઈંદર |
| હરખચંદ ખીમજી નરશી ગડા | ૬૩ | મો. ઉનડોઠ | ડોંબિવલી |
| હેમલતા હેમરાજ પરબત નાગડા (ઉ.૫) | ૭૪ | ચાંગડાઈ | ડોંબિવલી |
| નલીન મગનલાલ હીરજી સાવલા | ૭૫ | ફરાદી | પુના |
| રસીલાબેન મણીલાલ કુંવરજી મારૂ | ૭૬ | ડેપા | ભાંઈદર |
| વિજયાબેન હેમરાજ હીરજી ગાલા/શાહ | ૮૪ | દેશલપુર(કંઠી) | મુલુંડ |
| વેરશી ખીમજી મેપા ગાલા | ૯૫ | કોડાય | બોરીવલી |
| હરખચંદ મોરારજી કેશવજી કેનિયા | ૭૧ | બારોઈ | મુલુંડ |
| મા.ચંચલબેન પ્રેમચંદ તલકશી છેડા | ૭૪ | ગોધરા | ખાર |
| લક્ષ્મીચંદ ખીમજી છેડા | ૬૮ | માપર | કલ્યાણ |
| રતનબેન ખીમજી માલશી દેઢિયા | ૭૫ | લુણી | મુલુંડ |
| ખીમજી વીરજી ગોસર | ૭૮ | સાભરાઈ | ડોંબીવલી |
| હેમલતાબેન આણંદજી ખીમજી રાંભીયા | ૮૧ | રામણીયા | કલ્યાણ |
| છોટાલાલ કેશવજી વિશનજી ગડા | ૫૪ | મેરાઉ | ગાંધીધામ |
| ખીમજી રતનશી ગાલા | ૭૭ | કોટડી(મહા) | અમેરીકા |
| અમૃતલાલ કલ્યાણજી પાલણ શાહ | ૭૯ | ચાંગડાઈ | વિદિશા |
| ભરત રતનશી નરશી ધરોડ | ૫૨ | પત્ર | મલાડ |
| અનીલ વશનજી ભાણજી વિસરીયા | ૫૭ | કોડાય | ચેમ્બુર |
| પાનબાઈ શામજી પુનશી ગડા | ૭૧ | ગઢશીશા | મુલુંડ |
| દીના ઉત્તમ દામજી શેઠીયા | ૫૩ | ભુજપુર | જોગેશ્વરી |
| મુલજી રવજી નાગજી સાવલા | ૮૯ | નાની તુંબડી | ભાંડુપ |
| પ્રાગજી નાનજી વિરમ શેઠીયા | ૭૭ | કારાઘોઘા | કોટનગ્રીન |
| સૌ. ઝમકુર ધીરજલાલ પોપટલાલ ગંગર | ૮૦ | નાંગલપુર | વડોદરા |
| રમણીક જેઠુભાઈ દેવા વિસરીયા | ૬૭ | ભોજાય | ભોજાય |
| મા. ગંગાબેન બચુભાઈ રવજી ગાલા | ૯૦ | વાંકી | વાશી |
| નાનજી દેવરાજ ખીમજી ગાલા | ૭૫ | કોટડી મહા. | તિલકનગર |
| મહેન્દ્ર ખીમજી તલકશી દેઢિયા | ૬૨ | હમલામંજલ | કોલીવાડા |
| હરીલાલ કુંવરજી મેઘજી ગાલા | ૭૩ | સાડાઉ | બોરીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. વિણાબેન વિરચંદ કુંવરજી છેડા | ૭૭ | મો.આસંબિયા | પાર્લા |
| ખીમજી લાલજી આણંદ ગડા | ૯૧ | ત્રગડી | બોરીવલી |
| કુંવરજી જેઠાભાઈ મુરજી ગડા | ૯૫ | બાડા | વરલી (૧ ઉ.) |
| જાદવજી શીવજી ભીમશી માલદે | ૭૭ | લુણી | થાણા |
| પ્રભાવતી પોપટલાલ મેઘજી ગોગરી | ૭૯ | કોડાય | અંધેરી |
| નેમચંદ ઉમરશી દેવજી સાવલા | ૬૩ | રામણીયા | કાંદિવલી |
| ગોરબાઈ પદમશી તલકશી ગડા | ૯૦ | ના.રતડિયા | મુલુંડ |
| નીલાબેન હસમુખ ભીમશી દેઢિયા | ૫૯ | સમાઘોઘા | નાલાસોપારા |
| અ.સૌ. ભાનુમતી પોપટલાલ ફુરીઆ | ૭૮ | બિદડા | ઘાટકોપર |
| કેશવજી ઉમરશી હીરજી છાડવા | ૯૦ | મોટી ખાખર | ચેમ્બુર |
| લક્ષ્મીબેન માવજી ધારશી ફુરીઆ | ૮૨ | મેરાવા | માટુંગા (૧૭ ઉ) |
| મા. લક્ષ્મીબેન હંસરાજ પ્રેમજી નાગડા | ૮૧ | સણોસરા | મલાડ |
| શૈલેશ ઉમરશી કાનજી સાલીયા | ૫૦ | ગોધરા | ભાયંદર |
| નરેન્દ્ર મુરજી માલશી છેડા | ૬૨ | વાંકી | ગોરેગામ |
| મહેન્દ્ર પ્રેમજી ટોકરશી ગાલા | ૬૯ | લુણી | મુલુંડ |
| નેમજી ખીમજી હેમરાજ ગલિયા | ૭૫ | લુણી | વિધાવિહાર |
| અ.સૌ. પ્રેમાબેન મુલચંદ વીરજી ગાલા | ૬૮ | કોટડારોહા | અંબરનાથ |
| હરખચંદ મેઘજી મામણીયા | ૮૧ | મેરાઉ | દહિંસર |
| મણીબેન ડુંગરશી માલશી દેઢિયા | ૯૪ | બિદડા | ગાંધિધામ |
| સાકરબેન શાંતીલાલ વિજપાર ભેદા | ૯૦ | ભુજપુર | વાશી |
| મણીબેન ગાંગજી જેઠા ગંગર | ૮૩ | છસરા | ડોંબીવલી |
| કેલ્વીન વિજય કાંતીલાલ કેનિયા | ૩૫ | મુંદરા | હૈદ્રાબાદ |
| મનીષ મગનલાલ ખીમજી સાવલા | ૫૧ | રામાણીયા | હૈદ્રાબાદ |
| ગોવિંદજી લાલજી ભીમશી દેઢિયા | ૬૨ | ગઢશીશા | ડોંબીવલી |
| કલ્યાણજી લખમશી કુંવરજી દેઢિયા | ૭૫ | નાનીખાખર | જોગેશ્વરી |
| મણીબેન રવજી લધા સાવલા | ૧૦૦ | નાનીતુંબડી | જુહુ |
| કુ.આરતી સમીર વસંતલાલ | ૧૩ | બિદડા | માટુંગા |
| રૂક્ષ્મણી મુલચંદ કલ્યાણજી કેનિયા | ૭૦ | બારોઈ | ડોંબીવલી |
| લક્ષ્મીબેન ભવાનજી ખીયંશી વીછીવોરા | ૭૬ | કોટડારોહા | ડોંબીવલી |
| વસંત નાનજી નરશી ગંગર | ૭૧ | છસરા | ચેમ્બુર |
| મા. લક્ષ્મીબેન પ્રેમજી ધારશી ગાલા | ૮૦ | વડાલા | વડોદરા |
| રંજનબેન મણીલાલ ગાંગજી દેઢિયા | ૮૦ | દેશલપુર(કંઠી) | પાલઘર (અણસન) |
| અ.સૌ. રંજનબેન હરખચંદ ભવાનજી ગડા | ૭૩ | રાયણ | માટુંગા |
| જયેશ ખીમજી દામજી હરીયા | ૪૮ | શેરડી | ડોંબીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| સુરેશ નાનજી પાસુ છેડા | ૬૧ | કુંદરોડી | નાલાસોપારા |
| મુલચંદ માવજી વેલજી ફુરીયા | ૬૫ | બિદડી | મલાડ (ઉ.૧૯) |
| શાંતિલાલા ખીમજી સૈયા | ૭૮ | મોખા | પરલે વિલેજ |
| દેવકાંબાઈ પ્રેમજી ધારશી ફુરીયા | ૮૭ | મેરાવા | વડાલા |
| ધનજી મુરજી માલશી ગડા | ૯૦ | રાયણ | મલાડ |
| નયના મહેન્દ્ર માણેક શાહ (નાગડા) | ૫૯ | વિઢ | મુલુંડ |
| દિપક લક્ષ્મીચંદ મણશી દેઢિયા | ૪૫ | ગઢશીશા | મુલુંડ |
| કુસુમબેન કિશોર નરશી શાહ | ૭૨ | કોડાય | દાદર |
| મા. ઝવેરબેન રાઘવજી ઉમરશી ગંગર | ૮૬ | સમાઘોઘા | કાંદિવવલી |
| રંજનબેન જગદિશ નાનજી સંગોઈ | ૬૪ | કપાયા | નાલાસોપારા |
| લક્ષ્મીબેન કલ્યાણજી મોરારજી રાંભિયા | ૯૦ | નાનાભાડિયા | સાંતાક્રુઝ |
| રાજેશ નાનનજી ભુલા દેઢિયા | ૫૨ | બિદડા | વિરાર |
| અરવિંદ મોરારજી દેવશી ગાલા | ૬૬ | દેશલપુર (કંઠી) | ડોંબીવલી |
| તારાબેન દામજી રતનશી સૈયા | ૭૬ | ગેલડા | દાદર |
| ભવાનજી લીલાધર કારાણી | ૭૭ | ખારૂઆ | ડોંબીવલી |
| હીરબાઈ જેઠાલાલ નરશી સાવલા | ૮૯ | કોડાય | ઘાટકોપર |
| મંજુલા ભોગીલાલ તલકચંદ ઝવેરી (ગંગર) | ૮૧ | નાગલપુર | માટુંગા |
| મા. નાનબાઈ ભાણજી ભીમશી નાગડા | ૮૮ | કારાઘાઘા | કાંદિવલી |
| હીરજી દેવરાજ ગોસરી | ૭૪ | શેરડી | મુલુંડ |
| નાનબાઈ ઠાકરશી નાનજી લાલન | ૮૨ | કોડાય | થાણા |
| સુંદરજી લાલશી ભીમશી છેડા | ૯૧ | મોખા | માટુંગા |
| મા. લક્ષ્મીબેન રવજી પ્રેમજી છેડા | ૯૬ | કાંડાગરા | સાયન |
| નિલેશ લખમશી લીલાધર સાવલા | ૫૩ | રામાણીયા | સાંતાક્રુઝ |
| ઈંદિરા પરેશ વીરજી મામણીયા | ૫૫ | પુનડી | વિદ્યાવિહાર |
| સુરેશ ખીમનજી રતનશી પોલડીયા | ૬૪ | બિદડા | ભાયંદર |
| લક્ષ્મીચંદ ખીમજી લાલજી છેડા | ૭૪ | રતાડિયા ગ. | હૈદ્રાબાદ |
| અ.સૌ. સાકરબેન પ્રેમજી વાલજી શેઠીયા | ૭૦ | વડાલા | માટુંગા |
| હરીલાલ ડુંગરશી શામજી ગડા | ૭૮ | પત્રી | સેન્ડહર્ટસ રોડ |
| સંઘમાતા શ્રીમતી ગંગાબાન શામજી જખુ ગાલા | ૯૪ | મો.આસંબિયા | ખાર |
| CA અશ્વિન સેવંતીલાલ કુંવરજી દેઢિયા | ૪૯ | મો. કાખર | મીરારોડ |
| રોહિત કલ્યાણજી કાનજી શાહ/છાડવા | ૬૭ | બારોઈ | માટુંગા |
| મા. રતનબેન શામજી તેજપાર દેઢિયા | ૮૫ | ગઢશીશા | મુલુંડ |
| મા. ભાનુબેન બાબુલાલ નરશી દેઢિયા | ૮૮ | ભુજપુર | થાણા (ઉ.૯) |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ડુંગરશી મેઘજી ધારશી રાંભિયા | ૭૯ | મોખા | નાલાસોપારા |
| મણીલાલ કેશવજી ગોવર ગંગર | ૮૩ | મેરાઉ | ગાંધીધામ |
| હીરજી દેવશી પાસુ સહાનંદ | ૮૮ | ડુમરા | કાંદિવલી |
| નિર્મળાભાઈ નાનજી રાયશી ગાલા | ૯૨ | દેવપુર | અંબરનાથ |
| કેશવજી વેલજી ગોસર | ૯૫ | રાયણ | મઝગામ |
| દેવચંદ હીરજી પાસુ ગાલા | ૬૪ | બિદડા | વાંદરા |
| કિરણ વિરજી રવજી ગાલા | ૫૫ | દેવપુર | શીવરી |
| જેઠાલાલ કરમશી હરશી સાવલા | ૬૦ | બાડા | નાયગાંવ |
| કાંતિલાલ ચનાભાઈ ખીમજી ગાલા | ૭૪ | ગોધરા | કાંદિવલી |
| મા. ઝવેરબેન સુરજી નરશી છેડા | ૭૯ | ટુંડા | ઘાટકોપર |
| અ.સૌ. પુષ્પાબેન પદમશી મેઘજી ગાલા | ૭૯ | ભુજપુર | ડોંબિવલી |
| મણીલાલ મેઘજી દેવજી વીરા | ૮૨ | નાની ખાખર | સાંતાક્રુઝ |
| દિનેશ ટોકરશી નેણશી સાવલા | ૬૬ | નાની તુંબડી | માટુંગા |
| રજનીકાંત કુંવરજી મેઘજી ફુરીયા | ૮૦ | નવાવાસ | કાંદિવલી |
| હરેશ સુરજી ખીમજી ભેદા | ૫૭ | મો. ખાખર | સાયન |
| હીરજી કુંવરજી રતનશી સોની | ૮૦ | દેશલપુર(કંઠી) | માટુંગા |
| ભરત વશનજી દેવરાજ સાંઈયા | ૬૨ | લાખાપુર | જોગેશ્વરી |
| ડુંગરશી ચાંપશી અજાણી (પોલડીયા) | ૮૬ | બિદડા | સાંતાક્રુઝ |
| નેણબાઈ રતનશી હરશી નાગડા | ૮૭ | મો. રતડિયા | અંબરનાથ |
| સાકરબેન ગાંગજી ખીમજી દેઢિયા | ૯૪ | તલવાણા | સાંતાક્રુઝ |
| કિશોર કુંવરજી માણેક સતરા | ૬૩ | લાખાપુર | લાખાપુર |
| હેમચંદ કુંવરરજી દેરાજ ધરોડ | ૬૭ | પત્રી | દહિંસર |
| જયંતીલાલ ડુંગરશી ધનજી નાગડા | ૫૯ | વિઢ | થાણા |
| કુ. બીના વલ્લભજી નાનજી સાવલા | ૬૧ | સમાઘોઘા | માટુંગા |
| મા. મીનાબેન ધનજી નાનજી છેડા | ૭૨ | પુનડી | લોઅર પરેલ |
| હીરજી મણશી ભીમશી વોરા | ૮૮ | દેવપુર | માટુંગા |
| લક્ષ્મીચંદ જેઠાભાઈ દેઢિયા | ૮૧ | ગોધરા | અંધેરી |
| વેલબાઈ દેવશી જીવન રાંભીયા | ૯૨ | ગુંદાલા | બોરીવલી |
| સંજય વિશનજી જેવત છેડા | ૫૪ | નાંગલપુર | વડોદરા |
| મધુબેન ડૉ. મેઘજી નરશી ગોસર | ૭૯ | દેવપુર | ચોપાટી |
| નેમજી મેઘજી સંગોઈ | ૮૫ | ટોડા | ઘાટકોપર |
| ભરત ઉમરશી કારૂ છેડા | ૬૨ | બિદડા | ચેમ્બુર (ઉ.૫૭) |
| કાંતિલાલ ભાણજી ટોકરશી ગોસર | ૭૧ | સાભરાઈ | નાગપાડા |
| મા. મુલબાઈ ગણપત વેલજી દેઢિયા | ૯૧ | ભુજપુર | નાલાસોપરા |